dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-08 | Issue-82 | AD-2024, Magashirsha Vad -10 | Wednesday, Dt.25-12-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




## વીજબીલના ફ્યુઅલ ચાર્જમાં ૪૦ પૈસાનો ઘટાડો કરતી ગુજરાત સરકાર

અમદાવાદ,તા.૨૪

'સુશાસન દિવસ' નિમિત્તે ગુજરાત સરકાર દ્વારા ફ્યૂઅલ સરચાર્જમાં ૪૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ઓક્ટોબર ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪માં વસૂલાત પાત્ર ફ્યુઅલ સરચાર્જમાં ઘટાડો બીજો સુધારો ના થાય ત્યાં સુધી ચાલુ રહેશે, એમ આજે ઊર્જામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું. ઊર્જામંત્રીએ કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારના આ નિર્ણયને પરિણામે રાજ્યના અંદાજે ૧.૭૫ કરોડ ગ્રાહકોને ઓક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન કરેલા વીજ વપરાશ પર આશરે રૂ.૧૧૨૦ કરોડનો લાભ થશે. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરાયેલા ફ્યૂઅલ સરચાર્જની ફોર્મ્યુલા મુજબ એપ્રિલ-૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ના સંબંધિત ત્રિમાસિક સમયગાળા દરમિયાન વીજ બળતણના ભાવોમાં થયેલા ફેરફાર મુજબ રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપની દ્વારા ગ્રાહકો પાસેથી રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટનો ફ્યૂઅલ સરચાર્જ (FPPPA)ની વસૂલાત કરવામાં આવતી હતી. ઓક્ટોબર-૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪ના પ્રવર્તમાન ત્રિમાસિક સમયગાળા દરમિયાન પણ રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટના દરે ફ્યૂઅલ સરચાર્જ (FPPPA)ની વસૂલાત કરવામાં આવે છે.
















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી



બુધવાર, તા.૨૫-૧૨-૨૦૨૪

# અમરેલીમાં આજે લાયન્સ કલબ ઓફ અમરેલી (રોયલ)નો શપથગ્રહણ સમારોહ

**સાંસદ ભરતભાઈ સુતરીયા, પરેશભાઈ ધાનાણી, વસંતભાઈ મોવલીયા સહિતનાઓ હાજર રહેશે**

અમરેલી, તા.૨૪

અમરેલીમાં આજરોજ સાંજના ૫:૩૦ કલાકે પંચવટી ફાર્મ, ચિત્તલ રોડ ખાતે લાયન્સ કલબ ઓફ અમરેલી (રોયલ)ના નવા પ્રેસીડેન્ટ વિજય વસાણી અને તેમની ટીમનો શપથગ્રહણ સમારોહ યોજાશે. આ શપથગ્રહણ સમારોહમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, પૂર્વ વિપક્ષનાં નેતા પરેશભાઈ ધાનાણી હાજર રહેશે. મુખ્ય મહેમાન તરીકે ડીસ્ટ્રીકટ ગર્વનર લા.વસંતભાઈ મોવલીયા તેમજ ઈન્સ્ટોલીંગ ઓફિસર તરીકે પૂર્વ ડીસ્ટ્રીકટ ગર્વનર લા.ચંદ્રકાંત દફતરી ઉપસ્થિત રહેશે. સાથોસાથ ગુજરાત કિસાન મોરચાનાં સેક્રેટરી હિરેનભાઈ હિરપરા, અનિલભાઈ વેકરીયા, મુકેશભાઈ કોરાટ, કાંતિભાઈ વઘાસીયા, દિનેશભાઈ ભુવા, કમલ સેલાર, મનોજ કાનાણી, રાજેશ વિઠ્ઠલાણી, પ્રતિક નાકરાણી સહિતના લાયન્સ મેમ્બર હાજર રહેશે. આ શપથગ્રહણ સમારોહને સફળ બનાવવા લાયન્સ કલબ ઓફ અમરેલી રોયલનાં સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજુલાના ૬૫ ગામો માટે પાણીનો પ્રશ્ન દુર કરવા RWSS યોજનાનું ખાતમુહૂર્ત

રાજુલા, તા.૨૪

રાજુલા તાલુકાના ૬૫ ગામો માટે આશીર્વાદરૂપ એવી પાણી પુરવઠા યોજનાનું આજે ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે ખાતમુહૂર્ત થયું હતું, જેમાં અનેક ગામના સરપંચો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ગામોના પાણીના પ્રશ્નના નિરાકરણ માટે RWSS યોજના


તસવીર : ગોપાલ રાઠોડ

હેઠળ (૧૨ MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ) જેમાં સમ્પ, ઊંચી ટાંકી, પંપ હાઉસ RCC રોડ તેમજ ૬૫ ગામની પાણીની પાઈપલાઈન માટે સરકારે રૂ. ૪૨,૬૨,૯૧,૧૪૧ મંજૂર કર્યા છે. આ તકે પ.પૂ. મહેશબાપુ, પીપાવાવ મહંત, જિલ્લા પંચાયત સદસ્ય વિક્રમભાઈ શિયાળ, ગૌતમભાઈ ગુજરિયા, ભેરાઈના સરપંચ વાલાભાઈ રામ, ભગાભાઈ રામ, દાતરડીના સરપંચ ભરતભાઈ જોલિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# સતાધારની જગ્યાને બદનામ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરો : જે.વી.કાકડીયા

અમરેલી,તા.૨૪

ધારી બગસરા વિધાનસભાના ધારાસભ્ય જે.વી.કાકડીયાએ ગૃહમંત્રી હર્ષ સંઘવીને પત્રમાં લખ્યું છે કે, મારા વિધાનસભા વિસ્તારના સર્વ સમાજે આવેદનપત્ર આપી રજૂઆત કરી હતી કે સૌરાષ્ટ્રની સુપ્રસિદ્ધ સતાધાર ધામ આપાગીગાની જગ્યાને બદનામ કરવા આ જગ્યાના મહંત વિજયબાપુને બદનામ કરી બ્લેકમેઈલ કરી પૈસાનો તોડ કરવાનું આયોજનપૂર્વકનું ષડયંત્ર કરી આ ધાર્મિક સંસ્થાને બદનામ કરવા માટે અને સર્વે સમાજની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી છે જેથી આવા તત્વો સામે કડક પગલા લેવાની રજૂઆત મારી પાસે આવી હતી તે અંગે પત્ર લખવામાં આવ્યો છે.

# અમરેલીનાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પ્રકૃતિ પરિક્ષણ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૪

બી.એ.પી.એસ સ્વામિ નારાયણ મંદિર, અમરેલી દ્વારા રવિ સત્સંગ સભામાં પ્રકૃતિ પરિક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારત સરકારના આયુષ મંત્રાલય દ્વારા ચલાવવામાં આવતા 'દેશનું પ્રકૃતિ પરિક્ષણ અભિયાન'ના ભાગરૂપે આ કાર્યક્રમ યોજાયો હતો. નેત્ર ચિકિત્સા આયુર્વેદ હોસ્પિટલ, અમરેલીએ આ કાર્યક્રમમાં સહયોગ આપ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય માનવ શરીરમાં રહેલા ત્રણ



મુખ્ય દોષો વાત, પિત્ત અને કફ વિશે જાગૃતિ ફેલાવવાનો હતો. આ દોષોને ઓળખીને ઘણી બીમારીઓથી બચી શકાય છે. ભારત સરકાર દ્વારા સ્વસ્થ ભારત મિશન અંતર્ગત તમામ લોકો પોતાની પ્રકૃતિથી પરિચિત થાય અને તે આધારિત દિનચર્યા, ખોરાક અને રહેણીકરણીની જાણકારી મેળવે તે માટે 'પ્રકૃતિ પરિક્ષણ' એપ્લિકેશન લોન્ચ કરવામાં આવી છે.

# ચલાલાના પ્રાગજીબાપાની છેલ્લા ૫૦ વર્ષથી અવિરત અનોખી સેવા

ચલાલા,તા.૨૪

ચલાલાના સાવરકુંડલા રોડ પર આવેલા ગેઈટ પાસે રહેતા અને આખો દિવસ બાપાસીતારામ નામનું રટણ કરતા ૮૦ વર્ષના વાટલીયા કુંભાર પ્રાગજીદાદા ઉનાગર અનોખી જીવદયા અને ગૌસેવા કરે છે. પ્રાગજીબાપા બાપાસીતારામ બોલતા જાય ને ગાયોને કડબ, રજકો સહિતનો લીલો ચારો સવારના નવ વાગ્યા સુધી નાખે છે. ત્યારબાદ



સવારથી સાંજ સુધી કબુતર, ચકલા જેવા પક્ષીઓને અવિરત ચણ નાખે છે. ઉપરાંત કૂતરાઓને બિસ્કીટ પણ નાખે છે. તેઓ અંદાજે છેલ્લા ૫૦ વર્ષથી અવિરત સેવા કરે છે.

# વડીયાના ખાખરીયા ગામની વાડીમાં સિંહોએ ત્રણ પશુના મારણ કર્યા

**સિંહોના વસવાટથી પશુપાલકો અને ખેડૂતોમાં ફફડાટ**

વડીયા, તા.૨૪

વડીયાના ખાખરીયા ગામે ગત રાત્રીના રોજ ત્રણ સિંહે બાબુભાઈ ગોરાસિયાની વાડીએ બાંધેલી એક ગીર ગાય અને બે ભેંસનું મારણ


તસવીર : કીરીટ જોટવા

કરી તેની મિજબાની માણી હતી. આ સિંહો અને મારણ કરેલા પશુઓના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા સમગ્ર પંથકમાં ભયનો માહોલ સર્જાયો હતો. બાબુભાઈએ આ અંગે વન વિભાગને જાણ કરી હતી. આ સ્થિતિમાં લોકોને રાત્રીના વાડીએ જવું મુશ્કેલ બન્યું છે. સિંહોએ પશુઓનું મારણ કરતા તેનું વળતર માલિકને આપવામાં આવે સાથે વન વિભાગ પણ રાત્રીના સમયે આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરીને લોકોને માહિતગાર કરે તેવી માંગણી થઈ છે.

# રાષ્ટ્રીય કક્ષાએ પારંપરિક રમકડાંના માસ્ટર ટ્રેનર તરીકે મોટા માંડવડાના શિક્ષકની પસંદગી

અમરેલી, તા.૨૪

ભોપાલમાં એનસીઈઆરટી ખાતે દેશી રમકડાં, કાપડ, માટી, કેરી ગોટલી, નાળિયેર, છાણ, મોતી, પપેટ, વાંસ, લાકડાં વગેરે રમકડાંનો પાંચ દિવસીય વર્કશોપ યોજાયો હતો. જેમાં ગુજરાત, મધ્યપ્રદેશ, ગોવા, મહારાષ્ટ્ર, છત્તીસગઢ, દીવ-દમણના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.



આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ્ય નવી શિક્ષણ નીતિમાં શિક્ષણ સાથે રમકડાં અને કઠપૂતળીનો શિક્ષણમાં ઉપયોગ કરવાનો હતો. આ માટે રાષ્ટ્રીય કક્ષાએથી બુકનું નિર્માણ કરાશે. સૌરાષ્ટ્ર અને ગુજરાતના કલાકારોને શોધવાનું કામ અમરેલી જિલ્લાના ડાઈટના નિવૃત્ત આર્ટ પ્રોફેસર ભરત અગ્રાવત અને મોટા માંડવડા પ્રાથમિક શાળાના રાઘવભાઈ ડી. કટકિયા (રઘુ રમકડું) ને સોંપવામાં આવ્યું હતું.

# રાજુલા શહેરમાંથી ૨૨ વર્ષિય યુવતી લાપતા

**યુવતીના પિતાએ રાજુલા પોલીસ સ્ટેશનમાં જાણ કરી**

રાજુલા, તા.૨૪

રાજુલામાં રહેતા દુલાભાઈ ઉકાભાઈ નકુમ (ઉ.વ.૪૭)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી અલ્પાબેન (ઉ.વ.૨૨)ના લગ્ન ભાદ્રોડ ગામના યુવક સાથે થયા હતા. જો કે યુવતી છેલ્લાં ઘણા દિવસથી પોતાના પિતાની ઘરે રહેતી હતી ત્યારે ત્રણ દિવસ પહેલા સાંજના સમયે ઘરે કોઈને કંઈ જાણ કર્યા વગર ક્યાંક જતી રહી હતી. પરિવારજનોએ ઘણી શોધખોળ કરવા છતાં યુવતી નહી મળતા યુવતીના પિતાએ પોલીસમાં જાણ કરી હતી.















**સમયસર દરખાસ્ત કરવામાં નહી આવતા શાળાને થશે નુકસાન**

# બગસરા મેઘાણી હાઈસ્કૂલને મળતી ગ્રાન્ટમાંથી ૨૫ ટકા કાપી નખાશે

**આવતીકાલે શિક્ષણાધિકારી કચેરી ખાતે ફાજલ થનાર શિક્ષકોનું હીયરીંગ**

બગસરા,તા.૨૪

બગસરા મેઘાણી હાઈસ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓની સંખ્યા બાબતે સમય મર્યાદામાં શિક્ષણાધિકારીની કચેરીને દરખાસ્ત મોકલવામાં નહી આવતા શાળાને મળતી ગ્રાન્ટના ૨૫ ટકા કાપી નાખવાનો આદેશ કરવામાં આવશે તેમ જાણવા મળ્યુ છે. બગસરા મેઘાણી હાઈસ્કૂલના સાયન્સ વિભાગમાંથી ૪ અને માધ્યમિક વિભાગમાંથી ૧ શિક્ષક ફાજલ થનાર છે. વિદ્યાર્થીઓની સંખ્યા બાબતે તા.૩૦ સપ્ટેમ્બર સુધીમાં શાળા દ્વારા દરખાસ્ત કરવાની હોય છે પરંતુ શાળાએ આ બાબતની કોઈ ગંભીરતા ન લેતા શિક્ષણાધિકારી કચેરી દ્વારા નોટીસ પાઠવવામાં આવી હતી. શિક્ષકોને ફાજલ કરવાને બદલે અન્ય વિભાગમાં તેને સમાવવાનો તખ્તો ગોઠવવામાં આવી રહ્યો છે. શાળાએ સમયસર દરખાસ્ત નહી મોકલી બેદરકારી દાખવવા બદલ શાળાને મળતી ગ્રાન્ટમાં ૨૫ ટકાનો કાપ મુકવામાં આવશે તેમ શિક્ષણ વિભાગની કચેરીમાંથી જાણવા મળ્યુ છે. વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી હતી તો શા માટે શિક્ષણાધિકારી કચેરીને જાણ કરવામાં ન આવી તે બાબત હવે તપાસનો વિષય બની છે. સંચાલક મંડળ સામે ફાજલ થનાર શિક્ષકોનું હીયરીંગ થયા બાદ હવે આવતીકાલ તા. ૨૬ના રોજ શિક્ષણાધિકારી સામે ફાજલ શિક્ષકોનું હીયરીંગ થશે તેમ જાણવા મળ્યુ છે.

# અમરેલી જિલ્લાના ભાજપ મંડળ પ્રમુખોની જાહેરાત કરવામાં આવી

**બાબરા શહેર, અમરેલી શહેર અને તાલુકા પ્રમુખની જાહેરાત બાકી**

અમરેલી,તા.૨૪

પ્રદેશ ભાજપ દ્વારા અમરેલી જિલ્લાના વિવિધ તાલુકા અને શહેરના મંડળ પ્રમુખની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ચલાલા શહેર પ્રમુખ તરીકે જીતેન્દ્રભાઈ કાથરોટીયા, લીલીયા તાલુકા પ્રમુખ તરીકે જીજ્ઞેશભાઈ સાવજ, લાઠી તાલુકા પ્રમુખ તરીકે પરેશભાઈ કનાળા, લાઠી શહેર પ્રમુખ તરીકે ધર્મેશભાઈ સોની, ખાંભા તાલુકાના પ્રમુખ તરીકે આનંદભાઈ ભટ્ટ, ધારી તાલુકાના પ્રમુખ તરીકે મૃગેશભાઈ કોટડીયા, બાબરા તાલુકાના પ્રમુખ તરીકે હિતેષભાઈ કલકાણી, બગસરા શહેરના પ્રમુખ તરીકે જયસુખભાઈ સાદરાણી, બગસરા તાલુકાના પ્રમુખ તરીકે પ્રદિપભાઈ ભાખર, કુંકાવાવ-વડીયાના પ્રમુખ તરીકે વિપુલભાઈ વસાણી, રાજુલા તાલુકાના પ્રમુખ તરીકે ધીરૂભાઈ નકુમ, રાજુલા શહેરના પ્રમુખ તરીકે વનરાજભાઈ વરૂ, સાવરકુંડલા તાલુકાના પ્રમુખ તરીકે હિતેશભાઈ ખાત્રાણી, સાવરકુંડલા શહેરના પ્રમુખ તરીકે અનિરૂધ્ધસિંહ રાઠોડ, જાફરાબાદ તાલુકાના પ્રમુખ તરીકે કુલદિપભાઈ વરૂ, જાફરાબાદ શહેરના પ્રમુખ તરીકે સંદિપભાઈ શિયાળની નિમણૂંક કરવામાં આવી છે.


**પ્રોફેશનલ ફેમિલી સ્પા 2 હવે અમરેલીમાં અમારી બીજી બ્રાન્ચ**

SINCE: 2018 (8 વર્ષ જુનુ)




લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી

એપોઈન્ટમેન્ટ માટે
Mo. 70169 65665
Mo. 98242 65665

અમરેલી બ્રાન્ચ -૧
અયોધ્યા એપાર્ટમેન્ટ,
એમેઝોન રોયલ પાર્ક પાસે,
કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
Mo. 70169 65665

અમરેલી બ્રાન્ચ -૨
સરદાર કોમ્પલેક્ષ,
કૈલાશ મુક્તિધામની સામે,
કેરીયા બાયપાસ ચોકડી પાસે,
Mo.98242 65665


# અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસની નવી ટીમની સંદીપ ધાનાણી દ્વારા જાહેરાત

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લામાં યુવક કોંગ્રેસને વધુ સંગઠિત અને મજબૂત બનાવવાના ભાગરૂપે અમરેલી જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ સંદીપ ધાનાણી દ્વારા નિમણૂક કરવામાં આવી છે. નિમણૂક પામેલા હોદ્દેદારોમાં જિલ્લા ઉપપ્રમુખ અજયભાઈ વાળા, જુનેદભાઈ ડોડીયા, કાનાભાઈ હાડકરડા, જીગ્નેશભાઈ બગડા, જિલ્લા મહામંત્રી શક્તિભાઈ રાઠોડ, હરેશભાઈ કોટિલા, હિરેનભાઈ ટીમાંણીયા, મહેશભાઈ મકવાણા, મુસ્તાકભાઈ ગાહા, જિલ્લા મીડિયા પ્રહલાદભાઈ સોલંકી અને જિલ્લા મંત્રી ચેતનભાઈ ભટ્ટ, ધવલભાઈ ડેર, વનરાજભાઈ ખંડેલા, અશ્વિનભાઈ ચૌધરીનો સમાવેશ થાય છે. આ નિમણૂકને અમરેલી જિલ્લાના કોંગ્રેસના આગેવાનો પૂર્વ વિપક્ષ નેતા અને ગુજરાત વિધાનસભાના સભ્ય પરેશભાઈ ધાનાણી, પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમર, અમરેલી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપભાઈ દુધાતે આવકારી છે.

# રાજુલા પોલીસે સાત મહિનાથી નાસતા ફરતા અપહરણના આરોપીને ઝડપી પાડ્યો

રાજુલા, તા.૨૪



છેલ્લા સાતેક મહિનાથી નાસતા ફરતા આરોપી કરશનભાઈ વજુભાઈ વંશ, રહે: ચીખલી, તા. ઉના, જિ. ગીર સોમનાથ)ને રાજુલા પોલીસ સ્ટેશનના ગ્રામ્ય વિસ્તારમાંથી ચોક્કસ બાતમીના આધારે શોધી કાઢ્યો હતો.

ગીર સોમનાથ જિલ્લાના નવા બંદર મરીન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુનામાં છેલ્લા સાતેક મહિનાથી નાસતા ફરતા આરોપી અને ભોગ બનનારને રાજુલા સર્વેલન્સ પોલીસ ટીમે શોધી કાઢ્યા છે. રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. કોલાદરાની ચોક્કસ બાતમીના આધારે રાજુલા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કવોડે

# ધારીની યુવતી અમરેલીમાંથી લાપતા બની

અમરેલી, તા.૨૪

ધારીમાં રહેતી એક યુવતી અમરેલી કોલેજ કરવા આવી હતી. આ દરમિયાન તે ક્યાંક જતી રહી હતી. બનાવ અંગે સોનલબેન હરજીભાઈ મકવાણા (ઉ.વ.૪૨)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી દિશા હરજીભાઈ મકવાણા અમરેલી પોલિટેકનિક કૉલેજમાં અભ્યાસ કરવા ગઈ હતી, સાંજના પોણા ૬ વાગ્યે અમરેલી એસટી બસ સ્ટેન્ડમાં હોવાનું કહી ક્યાંક જતી રહી હતી.

## -:: પબ્લિક નોટીસ ::-

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે અમરેલી જીલ્લાના ધારી તાલુકાના ગામ મોજે જળજીવડી ગામની સીમના ખાતાનં. ૧૭ ની રે.સ.. ૧૩ પૈ.૨ ની જમીન હે.આરે. ૧-૨૧-૨૯ ચો.મી. વાળી ખેતીની જમીન કે જે તળાવીયા રણછોડભાઈ કાનજીભાઈ તથા તળાવીયા જયંતીભાઈ કાનજીભાઈ તથા તળાવીયા જીવતીબેન કાનજીભાઈ તથા તળાવીયા રેખાબેન કાનજીભાઈ તથા તળાવીયા દયાબેન કાનજીભાઈના નામે ચાલે છે. જે ખેતીની જમીન તળાવીયા રણછોડભાઈ કાનજીભાઈ તથા તળાવીયા જયંતીભાઈ કાનજીભાઈ તથા તળાવીયા જીવતીબેન કાનજીભાઈ તથા તળાવીયા રેખાબેન કાનજીભાઈ તથા તળાવીયા દયાબેન કાનજીભાઈ પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

સબબ સદરહું ખેતીની જમીન સામે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે આ ખેતીની જમીનમાં કોઈનો કોઈપણ સ્વરૂપે હકક હિસ્સો ગીરો બોજો અગ્રહકક કબજો વિગેરે હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૭(સાત)મા સંપૂર્ણ આધાર પુરાવાઓ સાથે મારા નિચે દર્શાવેલા સરનામે અમોને લેખિત જાણ કરશો. જેમાં કસુર થયે કોઈનો કોઈપણ સ્વરૂપે હકક હિત હિસ્સો બોજો અગ્રહકક કે કોઈપણ પ્રકારે વાંધો તકરાર નથી. અને જો હોય તો તે જતો (વેવ) કરેલ હોવાનું ગણી અમારા અસીલ અવેજની રકમ ચૂંકવીને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલને શુધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે કોઈ વાંધો તકરાર બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**ઓફીસ :- ૯ સિધ્ધિવિનાયક ચેમ્બર,**
**મામલતદાર ઓફીસ સામે,**
**મહુવારોડ, સાવરકુંડલા**
**મો.નં.૯૮૭૯૮૪૩૬૩૬/૭૬૦૦૯૪૧૮૫૪**

**જતીન એલ.મહેતા**
**એડવોકેટ**

# સાવરકુંડલાના ગોરડકા ગામના ખેડૂતને ડુંગળીનું નકલી બિયારણ પધરાવી દીધું

**નકલી બિયારણને કારણે ખેડૂતનો ડુંગળીનો પાક નિષ્ફળ**


સાવરકુંડલા, તા.૨૪

સાવરકુંડલાના ગોરડકા ગામે એક ખેડૂતને ડુંગળીનું નકલી બિયારણ પધરાવી દેવામાં આવ્યું હતું જેથી ખેડૂતે વેપારી સામે ફરિયાદ નોંધાવી હતી. બનાવ અંગે મનુભાઈ દેવાયતભાઈ ચાંદુ (ઉ.વ.૬૩) એ જાહેર કર્યા મુજબ, તેમણે ૫૦ વીઘા જમીનમાં રઘુભાઈ સોહલા (રહે. ઘોઘા મેડી, તા. ગઢડા, જી. બોટાદ) પાસેથી ૪ મણ સફેદ ડુંગળીનું બિયારણ તથા ૧ મણ લાલ ડુંગળીનું બિયારણ ખરીદ્યું હતું. આ બિયારણ નહીં ઉગતાં ખેડૂતે વેપારી સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી. એસ. સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.


**શાંત અને રમણીય વાતાવરણ**
**સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ**

24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯

**હોટેલ હોલીડે**
M.8238744144




HOLIDAY
HOTEL



**સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી**





ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે

**શ્રી હરી પીવીસી ફર્નિચર**
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક:
9925084788
8200268079


## -:: જાહેર નોટીસ ::-

**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં**

નં. જન્મ નોંધણી/અરજી નં.૨૦૯/૨૦૨૪

**અરજદારશ્રી:** ૧. નાથાભાઈ સવજીભાઈ રંગાણી
રહે. ફાચરીયા લા તા. સાવરકુંડલા, જિ. અમરેલી

**વિરૂધ્ધ**

**સામાવાળા:-** તલાટી કમ મંત્રીશ્રી ફાચરીયા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથીતમોપક્ષકારોનેઆનોટીસઆપીસુચીતકરવામાંઆવેછેકે, **અરજદારશ્રીના પુત્રી દયાબેન નાથાભાઈ રંગાણીનો જન્મ તા.૧૫/૦૬/૧૯૯૩ ના રોજ મુ.ફાચરીયા, જી.અમરેલી** મુકામે થયેલ, પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે **મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા** ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા.૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**સહી,**
**મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**


**અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.**

Raj
Unisex Saloon
Since: 1996



• હેરકટ
• કેરાટીન
• હાઈલાઈટસ
• સ્મુથનીંગ
• બોટોક્ષ
• નેનો પ્લાસ્ટી
• ટેટુસ
• શાઈનર
• નેલ આર્ટ
• ફેસીયલ વીથ હાઈડ્રા
• બ્રાઈડલ મેકઅપ
• હેર એક્સટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ



**રાજ ફેમિલી સલૂન**
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ :90333 91778
**ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ,ચિતલ રોડ, અમરેલી.**



**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation

**ડો. જુહી ઠકકર**
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડયુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ**
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ આર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

તંત્રી લેખ

# કેન્દ્રીય બજેટ એટલે અપેક્ષાનો અંદાજ

ભારતના અર્થતંત્રના બજેટમાં વિદેશી પરિબળોને પણ એટલો જ રસ છે. બજેટ નાના મોટા સૌ કોઈને સીધી અસર કરે છે. કેન્દ્રીય બજેટને હજુ પાકા એક મહિનાની વાર છે આમ છતાં તે અંગેની જિજ્ઞાસા વધતી જાય છે. સામાન્ય રીતે, બજેટમાં જાહેર કરવામાં આવેલી યોજનાઓ અને નિર્ણયો આપણા રોજિંદા જીવનને પ્રભાવિત કરે છે. ઉદાહરણ તરીકેઃ બજેટમાં રોજગાર સર્જન માટે નવી યોજનાઓ જાહેર કરવામાં આવી શકે છે જેનાથી તમને નોકરી મળવાની તક વધી શકે છે. શિક્ષણ ક્ષેત્રમાં ફાળવણી વધારવાથી તમને સસ્તુ અને સારી ગુણવત્તાવાળું શિક્ષણ મળી શકે છે. આરોગ્ય સુવિધાઓમાં સુધારો થવાથી તમે સસ્તી અને સારી આરોગ્ય સેવાઓ મેળવી શકશો. પાણી, વીજળી, માર્ગો વગેરે જેવી મૂળભૂત સુવિધાઓમાં સુધારો થવાથી તમારું જીવન વધુ સરળ બની શકે છે. બજેટમાં ટેક્સ દરમાં ફેરફાર કરવામાં આવી શકે છે જેનાથી તમારા ખર્ચ પર અસર પડી શકે છે. બજેટમાં લેવામાં આવેલા નિર્ણયોના આધારે મોંઘવારી વધી શકે છે અથવા ઘટી શકે છે. જો તમે કોઈ વિશિષ્ટ ક્ષેત્રમાં રસ ધરાવો છો, તો તમે તે ક્ષેત્ર માટે બજેટમાં શું જોવા મળે છે તેના પર ધ્યાન આપી શકો છો. ઉદાહરણ તરીકેઃ જો તમે ખેડૂત છો, તો તમે કૃષિક્ષેત્ર માટે બજેટમાં શું ફાળવણી કરવામાં આવી છે તે જોવા માંગશો. જો તમે ઉદ્યોગ સાથે જોડાયેલા છો, તો તમે ઉદ્યોગને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં શું જોગવાઈ કરવામાં આવી છે તે જોવા માંગશો. જો તમે મધ્યમ વર્ગના છો, તો તમે મધ્યમ વર્ગને લાભ આપવા માટે બજેટમાં શું જોગવાઈ કરવામાં આવી છે તે જોવા માંગશો. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટેનું સામાન્ય બજેટ સામાન્ય રીતે આગામી નાણાકીય વર્ષની શરૂઆતમાં, એટલે કે એપ્રિલ મહિનામાં રજૂ કરવામાં આવે છે. આ બજેટમાં સરકાર દ્વારા આગામી વર્ષ માટેના ખર્ચ અને આવકનો અંદાજ રજૂ કરવામાં આવે છે. બજેટ અર્થતંત્રની સ્થિતિનું એક પ્રતિબિંબ છે. તેમાંથી સરકારની આર્થિક નીતિઓ અને વિકાસના લક્ષ્યો વિશે માહિતી મળે છે. બજેટમાં લોકોના જીવનને સરળ બનાવવા માટેની યોજનાઓ અને કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવે છે. જેમ કે, શિક્ષણ, આરોગ્ય, માળખાગત સુવિધાઓ વગેરે. બજેટ રોકાણકારોને સરકારની આર્થિક નીતિઓ વિશે માહિતી આપે છે, જેના આધારે તેઓ રોકાણના નિર્ણયો લઈ શકે છે. કોવિડ-૧૯ મહામારીએ વિશ્વભરની અર્થવ્યવસ્થાને અસર કરી છે. આ બજેટમાં કોવિડ-૧૯ પછીની પુનઃપ્રાપ્તિ માટેની યોજનાઓ પર ભાર મૂકવામાં આવી શકે છે. બેરોજગારી એ એક મોટી સમસ્યા છે. આ બજેટમાં રોજગારની તકો સર્જવા માટે નવી યોજનાઓ શરૂ કરવામાં આવી શકે છે. શિક્ષણ, આરોગ્ય, પાણી, વીજળી જેવી મૂળભૂત સુવિધાઓને વધુ સારી બનાવવા માટે બજેટમાં ફાળવણી વધારવામાં આવી શકે છે. ડિજિટલ ઈન્ડિયા અભિયાનને વધુ મજબૂત બનાવવા માટે બજેટમાં નવી પહેલો કરવામાં આવી શકે છે. સ્વદેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે બજેટમાં પ્રોત્સાહનો આપવામાં આવી શકે છે. વર્ષ ૧૯૯૯ સુધી બજેટ સાંજે ૫ વાગ્યે રજૂ થતું હતું. આ પરંપરા બ્રિટિશ સરકારના સમયથી ચાલી રહી હતી, કારણ કે તેના દ્વારા લંડન અને ભારતમાં એક સાથે જાહેરાત કરી શકાતી હતી. ભારત બ્રિટન કરતાં ૫ કલાક ૩૦ મિનિટ આગળ છે, તેથી ભારતમાં સાંજે ૫ વાગ્યાનો સમય સવારે ૧૧:૩૦ના બરાબર હતો. અટલ બિહારી વાજપેયીની આગેવાની હેઠળની સરકારમાં તત્કાલિન નાણામંત્રી યશવંત સિંહાએ બજેટ રજૂ કરવાના સમયમાં ફેરફાર કર્યો હતો. તેમણે ૨૭ ફેબ્રુઆરી ૧૯૯૯ના રોજ સાંજને બદલે સવારે ૧૧ વાગ્યે બજેટ રજૂ કર્યું હતું. આ ૨ કારણોસર કરવામાં આવ્યું હતું. પ્રથમ- ભારત હવે બ્રિટિશ વસાહત ન હતું તેથી જૂના સમયને અનુસરવાનું કોઈ કારણ નહોતું. બીજું- સમય બદલવામાં આવ્યો જેથી સાંસદો અને અધિકારીઓને બજેટનો અભ્યાસ અને ચર્ચા કરવા માટે વધુ સમય મળે.

# મોટા માંડવડા ખાતે રૂ. ૩૬ લાખનાં ખર્ચે તૈયાર થયેલ આરોગ્ય કેન્દ્રનું ધારાસભ્ય કૌશિક વેકરીયા દ્વારા લોકાર્પણ

અમરેલી, તા.૨૪

અમરેલી, વડીયા અને કુંકાવાવ મત વિસ્તારમાં આજે નાયબ મુખ્ય દંડક અને ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા હસ્તે મોટા માંડવડા ખાતે આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે વેકરીયાએ જણાવ્યું હતું કે, અંદાજિત રૂ. ૩૬ લાખનાં ખર્ચે તૈયાર થયેલ આરોગ્ય કેન્દ્રમાં ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોને શહેરી આરોગ્ય સુવિધા અને ચિકિત્સા ઘર આંગણે ઉપલબ્ધ થશે. આ પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન પ્રતિનિધિ પ્રવીણભાઈ માંગરોળીયા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ કુંજડિયા, જિલ્લા પંચાયત સદસ્ય પ્રતિનિધિ શંભુભાઈ મહિડા, તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરીયા, તાલુકા પંચાયત ન્યાય સમિતિ ચેરમેન પ્રવીણભાઈ ચાવડા, તાલુકા પંચાયત સદસ્ય આશિષભાઈ અકબરી, જિલ્લા યુવા ભાજપના ઉપાધ્યક્ષ ચેતનભાઈ ધાનાણી, કુંકાવાવ તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, કુંકાવાવ તાલુકા પંચાયત સદસ્ય પી.વી.વસાણી, સરપંચ સંદીપભાઈ ટિંબડિયા સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.



# રાજુલાના રામપરા-૨ ગામે કુટુંબીજનોમાં નજીવી બાબતમાં માથાકૂટ થઈ

**જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવતા પોલીસ ફરિયાદ નોંધાઇ**

રાજુલા, તા.૨૪

રાજુલાના રામપરા-૨ ગામે કુટુંબીજનોમાં નજીવી વાતમાં માથાકૂટ થઈ હતી. બનાવ અંગે નકાભાઈ દેગણભાઈ વાઘ (ઉ.વ.૩૦)એ ભીખાભાઈ ગભાભાઈ વાઘ સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ તેમની પાડોશમાં રહેતા આરોપી સાથે ઘણા સમયથી બોલતા નહોતા. ઉપરાંત ગાળાગાળી અને બોલાચાલી થતી રહેતી હતી. જેનું મનદુઃખ રાખી તેમને ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો.

તેમજ જાનથી મારવાની ધમકી આપી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એચ.એલ. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# બાબરા તાલુકાના નીલવડા ગામે 'કેસમાં સમાધાન કરી લેજો' કહી યુવકને ફટકાર્યો

**બે લોકો સામે પોલીસ ફરિયાદ**

બાબરા, તા.૨૪

બાબરાના નીલવડા ગામે રહેતા એક યુવકને બાબરાના બે સગા ભાઈઓ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. તેમજ અપશબ્દો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે વિજયભાઈ મુળજીભાઈ ખીમસુરીયા (ઉ.વ.૩૪)એ બાબરા ખાતે રહેતા ભયલુભાઈ બહાદુરભાઈ વાળા તથા રવિરાજભાઈ બહાદુરભાઈ વાળા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના કાકાનો દીકરો જયેશભાઈ રામજીભાઈ ખીમસુરીયા (રહે. નીલવડા, તા. બાબરા)ને નીલવડા ગામના શિવાભાઈ ગભરૂભાઈ ધાધલ તથા લાલો બાબુભાઈ ધાધલે ઢીકાપાટુનો માર મારી અને છરી મારી દેવાની ધમકી આપી હતી. જેથી તે લોકો સામે પોલીસ ફરિયાદ કરી હતી. આરોપીઓ તે લોકોના સંબંધી થતા હોવાથી રાગદ્વેષ રાખી તેમને તે કેસમાં સમાધાન કરી નાખજો નહીંતર તમને જોઈ લઈશ તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત બિભત્સ શબ્દોમાં ગાળો આપી લોખંડના પાઈપોથી ફટકારી ફેક્ચરની ઈજા કરી હતી.

# લાઠી-બાબરા પંથકમાં વિવિધ તળાવોના રીપેરીંગ તથા જંગલ કટીંગ માટે ગ્રાન્ટ મંજૂર

લાઠી,તા.૨૪

લાઠી-બાબરા પંથકમાં પાણીની ચિંતાને ધ્યાનમાં રાખીને જરખીયા ગામના બે તળાવના પાળાનું જંગલ કટીંગ અને ઓગન રીપેરીંગ માટે રૂ. ૭.૫૯ લાખ સરકારે મંજૂર કર્યા છે. સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા બોર્ડ અને કલ્પસર વિભાગમાં લાઠી અને બાબરા પંથકમાં જંગલ કટીંગ, તળાવના પાળાનું રીપેરીંગ ઓગન રીપેરીંગ માટે રકમ ફાળવવા રજૂઆત કરી હતી. લાઠી પંથકમાં જંગલ કટીંગ માટે રૂ. ૩.૫૯ લાખ, નાની સિંચાઈ જંગલ કટીંગ યોજનાની કામગીરી માટે રૂ. ૩.૫૯ લાખ અને બાબરા પંથકમાં પણ જંગલ કંટીગ માટે રૂ. ૨.૯૪ લાખ મંજૂર થયા છે. બાબરા તાલુકાની ૫ નાની સિંચાઈ યોજના હેઠળ જંગલ કટીંગની કામગીરી માટે અંદાજે રૂ. ૨.૯૪ લાખ મંજૂર થયા છે.



# ગજેરા કેમ્પસના ખેલાડીઓ હેન્ડબોલ ગેમ પ્રી-નેશનલ કેમ્પમાં ભાગ લેશે

અમરેલી, તા.૨૪

અમરેલીની શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શાળાના વિદ્યાર્થીઓ અંડર-૧૭ હેન્ડબોલ નેશનલ કેમ્પમાં ભાગ લેશે. સ્કૂલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયાના અંડર-૧૭ ભાઈઓ અને બહેનો હેન્ડબોલ પ્રી નેશનલ કેમ્પનું આયોજન ૨૪ ડિસેમ્બર થી ૯ જાન્યુઆરી સુધી અનુક્રમે મહેસાણા અને આણંદ મુકામે યોજાશે. જેમાં વિવિધ જિલ્લાઓમાંથી વિદ્યાર્થીઓ ભાગ લેશે. તેમાં અંડર-૧૭ વિદ્યાર્થીઓમાંથી (૧) દિહોરા વિવેક ઘનશ્યામભાઈ (૨) બામરોલીયા નૈતિક જગદીશભાઈ (૩) બળધિયા રાહુલ બાબુભાઈ અને અંડર-૧૭ બહેનોમાંથી (૧) બલદાણીયા હિરલ લાલજીભાઈ (૨) સોલંકી ઋષિતા તુલસીભાઈ ભાગ લેશે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મંત્રી મનસુખભાઈ ધાનાણી અને કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓને અને કોચ-ટ્રેનરોને શુભેચ્છા પાઠવી હતી.




# સાવરકુંડલામાં પુસ્તક વિમોચન, સાકરતુલાનો ભવ્ય કાર્યક્રમ યોજાશે

સાવરકુંડલા, તા.૨૪

સાહિત્ય સભા અમરેલી દ્વારા કબીર ટેકરીના મહંત પૂ. નારાયણદાસ સાહેબના જન્મોત્સવની ઉજવણી સાથે સુધીરભાઈ મહેતા લીખીત ઉજળી પ્રતિમા પુસ્તકનું લોકાર્પણ થશે. આ કાર્યક્રમમાં અનેક ગણમાન્ય લેખકો, સાહિત્યકારો તથા કવિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે. ૧ જાન્યુઆરીના રોજ યોજાનારા કાર્યક્રમમાં પૂજ્ય જ્યોતિ મૈયા, પ.પૂ. ભગવતપ્રસાદ સ્વામી, પૂ. ભક્તિરામબાપુ, પૂ. ઘનશ્યામદાસબાપુ, પૂ. રૂપેશ્વરીદેવી સહિતના સંતો અને કૌશિકભાઈ વેકરીયા, ભરતભાઈ સુતરીયા, મહેશભાઈ કસવાલા સહિતની રાજકીય હસ્તીઓની ઉપસ્થિતિમાં કબીર આશ્રમના પૂ. નારાયણદાસ સાહેબની સાકરતુલા સાથે સન્માન કરવામાં આવશે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૫૦ | ૧૪૮૦ |
| ઘઉં લોકવન | ૫૮૦ | ૬૨૦ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૮૦ |
| જુવાર સફેદ | ૭૧૧ | ૮૪૦ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૦૦ |
| બાજરી | ૪૫૦ | ૫૩૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૭૦૦ |
| ચણા પીળા | ૧૧૩૦ | ૧૩૦૧ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૫૭૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| મગ | ૧૨૩૦ | ૧૮૩૦ |
| ચોળી | ૧૫૦૦ | ૨૫૦૦ |
| મઠ | ૭૫૦ | ૧૧૭૫ |
| કળથી | ૯૩૫ | ૧૧૨૧ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૧૯૮ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૯૮ |
| અળશી | ૮૫૧ | ૮૫૧ |
| તલી | ૨૨૯૦ | ૨૫૦૦ |
| એરંડા | ૧૧૨૨ | ૧૨૨૫ |
| અજમો | ૮૦૧ | ૨૩૨૨ |
| સુવા | ૧૨૫૪ | ૧૨૫૪ |
| સોયાબીન | ૭૭૦ | ૮૩૪ |
| સીંગફાડા | ૧૦૫૦ | ૧૨૪૦ |
| કાળા તલ | ૩૬૬૦ | ૫૧૩૬ |
| લસણ | ૨૭૫૦ | ૪૩૫૦ |
| ધાણા | ૧૨૭૦ | ૧૫૨૦ |
| મરચા સુકા | ૧૯૫૦ | ૨૬૫૦ |
| ધાણી | ૧૩૫૦ | ૧૫૬૦ |
| વરીયાળી | ૧૦૦૦ | ૧૩૯૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૫૬૦ |
| રાય | ૧૧૧૦ | ૧૨૫૬ |
| મેથી | ૯૬૦ | ૧૨૬૦ |
| ઇસબગુલ | ૧૮૦૦ | ૨૨૫૦ |
| રાયડો | ૧૦૬૦ | ૧૧૦૪ |
| રજકાનું બી | ૫૧૧૫ | ૫૧૧૫ |
| ગુવારનું બી | ૯૨૦ | ૯૭૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૩૦૦ | ૮૦૦ |
| બટેટા | ૫૦૦ | ૬૫૦ |
| ડુંગળી સુકી | ૯૫ | ૩૫૦ |
| ટમેટા | ૪૦૦ | ૭૦૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૧૫૦ | ૩૦૦ |
| મુળા | ૨૫૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૨૦ | ૧૬૦ |
| ફલાવર | ૧૬૦ | ૨૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૪૦૦ | ૭૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૪૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| સરગવો | ૪૦૦ | ૨૦૦૦ |
| તુરીયા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| પરવર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| કાકડી | ૮૦૦ | ૧૨૦૦ |
| ગાજર | ૩૦૦ | ૪૦૦ |
| વટાણા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તુવેરસીંગ | ૫૦૦ | ૭૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૬૦ | ૪૦૦ |
| મેથી | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૬૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૭૬૦ | ૯૦૦ |
| ચણા લીલા | ૨૦૦ | ૭૦૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| મકાઇ લીલી | ૨૪૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૫૭ | ૧૦૯૦ |
| ગીરનાર શીંગ | ૧૦૧૨ | ૧૩૧૨ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૨૦૦ |
| શિંગ ફાડા | ૧૦૦૨ | ૧૨૧૫ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૭૩૪ |
| તલ કાળા | ૩૯૦૦ | ૫૧૭૫ |
| તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૨૧૫ |
| બાજરો | ૩૨૮ | ૬૫૩ |
| જુવાર | ૭૦૦ | ૮૭૮ |
| ઘઉં ટુકડા | ૫૬૪ | ૬૪૫ |
| ઘઉં લોકવન | ૫૬૦ | ૬૧૨ |
| મગ | ૧૧૮૦ | ૧૭૧૮ |
| અડદ | ૭૮૦ | ૧૫૬૦ |
| ચણા | ૭૪૦ | ૧૩૪૦ |
| તુવેર | ૧૦૮૧ | ૧૪૦૭ |
| કપાસ | ૮૦૦ | ૧૪૭૫ |
| એરંડા | ૧૧૬૨ | ૧૨૧૭ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૨૩૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૧૫ |
| અજમા | ૨૦૬૦ | ૨૨૦૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૮ |
| રજકાનું બી | ૩૬૦૦ | ૩૭૭૫ |
| મરચા લાંબા | ૫૨૦ | ૨૩૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૫૦ | ૫૮૦ |
| રીંગણાં | ૨૫૦ | ૪૦૦ |
| ફુલાવર | ૧૧૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૬૦ | ૩૦૦ |
| શક્કરીયા | ૬૮૦ | ૮૦૦ |
| ટામેટા | ૪૦૦ | ૫૫૦ |
| સુરણ | ૧૦૪૦ | ૧૨૦૦ |
| ગાજર | ૫૫૦ | ૭૦૦ |
| દૂધી | ૨૦૦ | ૪૦૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| ગલકા | ૫૨૦ | ૭૦૦ |
| મુળા | ૨૨૦ | ૩૪૦ |
| કાકડી | ૩૨૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૨૦ | ૧૬૪૦ |
| વાલોળ | ૪૦૦ | ૬૦૦ |
| વટાણાં | ૧૦૪૦ | ૧૨૪૦ |
| ચોળા લીલાં | ૪૨૦ | ૫૮૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| આમળા | ૫૪૦ | ૮૦૦ |
| તુવેર | ૬૦૦ | ૮૪૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૨૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૯૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૪૦૦ |
| મેથીભાજી | ૩૪૦ | ૫૫૦ |
| ફુદીનો | ૬૦૦ | ૮૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૦૦ |
| બીટ | ૩૫૦ | ૫૫૦ |
| વાલ | ૭૨૦ | ૮૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૨૦૦ |
| લીમડો મીઠો | ૩૧૦ | ૩૩૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૭૦૦ |
| મરચા લાલ | ૩૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૨૦ |
| ડુંગળી સુકી | ૨૬૦ | ૩૨૦ |
| લસણ લીલું | ૨૪૦૦ | ૩૨૦૦ |
| લીંબુ | ૫૦૦ | ૭૦૦ |
| પાલક | ૩૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૩૨૦ | ૪૨૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૩૦ | ૧૪૫૫ |
| મગફળી | ૧૦૪૬ | ૧૧૧૧ |
| ચણા | ૧૦૭૧ | ૧૦૭૧ |
| જુવાર સફેદ | ૭૨૫ | ૭૨૫ |
| મગ | ૧૪૭૦ | ૧૪૭૦ |
| અડદ | ૧૨૬૧ | ૧૨૬૧ |
| તુવેર | ૧૨૮૫ | ૧૨૮૫ |
| બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૬૫ | ૧૧૩૯ |
| મગફળી ૩૨ નં. | ૯૨૫ | ૧૦૩૮ |
| બાજરીહાઈબ્રીડ | ૪૬૬ | ૫૯૭ |
| ઘઉં | ૫૨૫ | ૬૪૪ |
| જુવાર | ૬૫૦ | ૭૬૮ |
| ચોળી | ૨૮૦૦ | ૨૮૦૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૫૬૭ |
| ચણા | ૧૦૯૮ | ૧૨૫૫ |
| તલ સફેદ | ૧૯૦૦ | ૨૩૭૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૩૪ |
| કપાસ | ૧૩૬૦ | ૧૪૫૩ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૦૦ | ૧૦૧૮ |
| તલ સફેદ | ૧૯૧૯ | ૨૩૦૦ |
| તલ કાળા | ૪૪૦૦ | ૪૪૦૦ |
| તલ પીળા | ૩૨૦૧ | ૩૩૦૦ |
| કપાસ | ૧૩૨૫ | ૧૪૬૦ |
| બાજરો | ૪૦૦ | ૬૩૦ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૪૮ |
| જુવાર | ૭૫૦ | ૮૨૬ |
| મગ | ૧૩૦૧ | ૨૦૦૦ |
| મઠ | ૧૧૨૦ | ૧૧૭૬ |
| અડદ | ૧૧૦૧ | ૧૪૦૧ |
| તુવેર | ૧૨૬૧ | ૧૫૨૬ |
| ચણા | ૧૨૦૧ | ૧૨૦૧ |
| એરંડી | ૮૨૫ | ૮૨૫ |
| વાલ | ૧૭૮૧ | ૧૭૮૧ |
| સોયાબીન | ૭૫૧ | ૭૮૧ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૩૩૯ | ૧૪૫૭ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૨૬ | ૧૪૪૩ |
| મગફળી | ૮૨૫ | ૯૯૬ |
| ઘઉં | ૪૫૦ | ૫૮૧ |
| અડદ | ૯૦૦ | ૧૧૦૧ |
| શીંગદાણા | ૧૦૯૧ | ૧૧૦૧ |
| તલ | ૨૧૦૧ | ૨૧૦૧ |
| ઈસબગુલ | ૧૫૬૦ | ૧૫૬૦ |
| સોયાબીન | ૭૦૦ | ૭૮૬ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૧૦ | ૧૪૯૦ |
| કપાસ મીડીયમ | ૧૧૪૦ | ૧૩૫૦ |
| મગફળી જી ૨૦ | ૧૦૮૦ | ૧૧૬૮ |
| મગફળી બી.ટી | ૯૪૦ | ૧૦૮૦ |
| અડદ | ૧૦૪૦ | ૧૩૪૦ |
| ઘઉં | ૫૨૦ | ૬૪૭ |
| જીરૂ | ૩૯૫૦ | ૪૩૧૦ |
| સોયાબીન | ૭૬૦ | ૮૦૦ |
| ચણા | ૧૧૬૦ | ૧૨૨૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૭ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૧૮ |
| ચણા | ૮૫૫ | ૧૨૪૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૨૦૧ |
| ધાણા | ૧૩૮૫ | ૧૪૦૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૦૦૦ |
| બાજરી | ૪૫૦ | ૪૫૦ |
| જુવાર | ૮૦૦ | ૮૦૦ |
| મગ | ૧૦૦૦ | ૧૪૫૦ |
| અડદ | ૯૦૦ | ૧૧૨૦ |
| તલ સફેદ | ૨૧૧૦ | ૨૧૧૦ |
| સોયાબીન | ૫૫૩ | ૭૮૨ |
| મગફળી | ૮૨૫ | ૯૧૬ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૫૧ | ૧૦૬૧ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૧૭૧ |
| શીંગ ગીરનાર | ૧૧૫૧ | ૧૩૨૦ |
| તલ સફેદ | ૧૮૫૦ | ૨૬૨૬ |
| તલ કાળા | --- | ૪૪૦૪ |
| જીરૂ | ૩૮૫૦ | ૪૩૫૯ |
| કપાસ | ૧૩૨૫ | ૧૪૬૪ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૬૪૬ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૫૪ |
| બાજરો | ૪૦૦ | ૬૬૬ |
| જુવાર | ૪૦૦ | ૭૫૧ |
| મગ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| અડદ | ૧૦૫૦ | --- |
| ચણા | ૧૦૦૦ | ૧૨૫૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૪૫૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૧૫૫ |
| રાય/રાયડો | ૧૦૦૦ | --- |
| ધાણા | ૧૩૦૦ | --- |
| સોયાબીન | ૬૫૦ | ૭૮૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૧ |
| ઘઉં | ૪૫૦ | ૫૯૮ |
| ચણા | ૮૫૧ | ૧૨૩૬ |
| અડદ | ૮૦૦ | ૧૬૦૧ |
| મગફળી | ૭૦૦ | ૧૧૦૬ |
| શિંગફાડા | ૯૦૦ | ૧૧૫૧ |
| તલ | ૧૫૦૦ | ૨૧૫૧ |
| મેથી | ૮૦૦ | ૧૦૦૧ |
| જીરૂ | ૩૦૦૧ | ૪૧૫૧ |
| ધાણા | ૮૫૧ | ૧૪૧૬ |
| સોયાબીન | ૬૦૦ | ૮૪૧ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૨૫ | ૧૨૮૧ |
| શીંગ ૩૨ | ૯૬૦ | ૧૦૬૭ |
| શીંગ ૩૯ | ૯૨૦ | ૧૧૨૫ |
| શીંગ જી-૨૦ | ૧૦૨૫ | ૧૧૬૧ |
| એરંડા | ૧૦૦૬ | ૧૦૦૬ |
| જુવાર | ૩૦૦ | ૯૧૧ |
| મગદેશી | ૧૧૮૦ | ૨૨૨૬ |
| ઘઉં ટુકડા | ૫૩૧ | ૬૭૭ |
| અડદ | ૮૦૦ | ૧૫૮૫ |
| બાજરી | ૩૫૦ | ૯૫૨ |
| બાજરો | ૬૩૪ | ૧૫૬૬ |
| સોયાબીન | ૭૫૧ | ૭૯૬ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૩૨ |
| તલ સફેદ | ૬૦૦ | ૨૪૬૦ |
| તલ કાળા | ૪૧૦૦ | ૪૧૦૦ |
| જીરૂ | ૩૮૦ | ૪૩૦૧ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૪૧૭ |
| ડુંગળી સફેદ | ૨૦૯ | ૩૭૦ |
| કપાસ શંકર | ૧૦૦૦ | ૧૪૩૭ |
| નાળીયેર | ૬૦૦ | ૨૨૫૪ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૮૦ |
| જુવાર | ૭૦૦ | ૭૨૦ |
| બાજરો | ૪૪૫ | ૫૩૫ |
| ઘઉં | ૫૪૦ | ૬૫૦ |
| મગ | ૯૫૦ | ૧૩૦૦ |
| અડદ | ૭૦૦ | ૧૬૪૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૩૩૫ |
| ચોળી | ૧૨૦૦ | ૨૭૦૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૫૬ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૫૬ |
| મગફળી જાડી | ૮૦૦ | ૧૧૧૫ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૦૪ |
| તલ | ૨૦૦૦ | ૨૩૯૦ |
| તલ કાળા | ૩૦૦૦ | ૪૩૦૦ |
| લસણ | ૨૫૧૦ | ૪૪૦૦ |
| જીરૂ | ૨૮૨૫ | ૪૪૯૫ |
| અજમો | ૨૧૦૦ | ૪૧૩૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૫૫ |
| ડુંગળી સુકી | ૮૦ | ૪૫૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૨૯૬૦ |
| સોયાબીન | ૭૨૦ | ૮૧૫ |




લાગે તો તીર :- બોસ મનમાં ને મનમાં ધૂંઆપૂંઆ થતાં હતાં

06


# હિંદુત્વને ખ્રિસ્તીઓથી ખતરો છે ?




આજે ક્રિસમસ છે.

ભારતમાં છેલ્લાં કેટલાંક વરસોમાં ક્રિસમસ સેલિબ્રેશનનું પ્રમાણ વધ્યું છે. ખ્રિસ્તીઓમાં ક્રિસમસનું સેલિબ્રેશન ૨૫ ડિસેમ્બરે જીસસ ક્રાઈસ્ટના જન્મદિનથી શરૂ કરીને નવા વર્ષની શરૂઆત એટલે કે ૧ જાન્યુઆરી સુધી થાય છે. હિંદુઓ પોતાના તહેવારો છોડીને ક્રિસમસ સેલિબ્રેશન કરે ને થર્ટી ફસ્ટ તો દિવાળી કરતાં પણ વધારે ધૂમધામથી મનાવે એવું ચલણ વ્યાપક બનતું જાય છે. તેનું કારણ ક્રિસમસનું જબરદસ્ત માર્કેટિંગ છે. આ માર્કેટિંગના ભાગરૂપે સાંતાક્લોઝને ગ્લોરિફાય કરીને ભારતમાં નાનાં બાળકોમાં લોકપ્રિય બનાવાયા. તેના કારણે પરિવારો ક્રિસમસના સેલિબ્રેશન તરફ વળ્યા.

બીજી તરફ થર્ટી ફસ્ટના સેલિબ્રેશન દ્વારા યંગસ્ટર્સને આકર્ષવાનો ખેલ કરાયો.

હોટલો, રેસ્ટોરન્ટ્સ, ક્લબ્સ વગેરેએ પોતાનો ધંધો વધારવા માટે થર્ટી ફસ્ટની પાર્ટીઓનું ચલણ શરૂ કર્યું. ગુજરાતમાં તેનું બહુ ચલણ નથી પણ જ્યાં દારૂબંધી નથી એવાં રાજ્યોમાં તો ધૂમધડાકાવાળા સંગીત સાથે નાચવાનું, ડાન્સ કરવાનો અને દારૂ પીવાનો ને એ રીતે થર્ટી ફસ્ટની ઉજવણી કરવાનો જબરદસ્ત ટ્રેન્ડ જ ચાલે છે. ભારતમાં હિંદુઓની બહુમતી છે એટલે હિંદુઓ ના જોડાય એવું કોઈ સેલિબ્રેશન આખા દેશમાં ના ચાલે. થર્ટી ફસ્ટનું સેલિબ્રેશન દેશવ્યાપી બની ગયું કેમ કે હિંદુઓ પણ તેમાં હોંશે હોંશે ભાગ લે છે. થર્ટી ફસ્ટની નાઈટમાં પાર્ટી કરવા ના જાય તો પણ ખ્રિસ્તીઓના નવા વરસને વધાવવા રાત્રે ૧૨ વાગે રસ્તા પર ઉમટી તો પડે જ છે.

હિંદુઓના બેસતા વરસને આવકારવા ક્યારેય ના જોવા મળતી હોય એવી ભીડ થર્ટી ફસ્ટની નાઈટ વખતે જોવા મળે છે.

■■■

ભારતમાં ખ્રિસ્તી ધર્મની એન્ટ્રી ઈસવી સનની પહેલી સદીમાં જ થઈ ગયેલી.

સેન્ટ થોમસે લખેલા ધ એક્ટ્સ ઓફ થોમસમાં ઉલ્લેખ છે કે ભારતીય ઉપખંડમાં ખ્રિસ્તી ધર્મનો પરિચય થોમસ નામના ધર્મપ્રચારક દ્વારા કરવામાં આવ્યો હતો. થોમસ ઈસવી સન ૫૨માં એટલે કે લગભગ પોણા બે હજાર વર્ષ પહેલાં મલબાર પ્રદેશ એટલે કે હાલનું કેરળ છે ત્યાં ગયા હતા. થોમસે સૌથી પહેલાં યહૂદીઓને ખ્રિસ્તી બનાવ્યા. એ રીતે મલબારના યહૂદીઓ ભારતના પહેલા ખ્રિસ્તીઓ હતા કે જે ઈસુ ખ્રિસ્તના જન્મ પહેલા હાલના કેરળમાં સ્થાયી થયા હતા.

સેન્ટ થોમસ ગેલીલ (હાલનું ઈઝરાયેલ) ના અરામાઈક બોલતા યહૂદી હતા અને ઈસુ ખ્રિસ્તના શિષ્યોમાંના એક હતા. થોમસ ભારતમાં ધર્માંતરણ કરાવવા માટે યહૂદીઓની શોધમાં આવ્યા હતા. લગભગ ૨૦ વર્ષોના ધર્મપ્રચાર પછી થોમસની મદ્રાસ (ચેન્નઈ)માં હત્યા થઈ ગઈ હતી. થોમસને ચેન્નાઈના માયલાપોરની પડોશમાં આવેલા સેન્ટ થોમસ માઉન્ટ ખાતે દફનાવવામાં આવ્યા હતા. ભારતમાં ઈસવીસન ૬૦૦ સુધીમાં મલબાર પ્રદેશમાં ખ્રિસ્તી સમુદાય મજબૂત રીતે સ્થાપિત થઈ ગયો હતો. ભારતમાં ખ્રિસ્તીઓ ચર્ચ ઓફ ધ ઈસ્ટ સાથે જોડાયેલા નેસ્ટોરિયનોથી બનેલો હતો. આ ખ્રિસ્તીઓ પૂજા માટે સીરિયન વિધિનો ઉપયોગ કરતા હતા.

ભારતમાં ખ્રિસ્તી ધર્મનો વ્યાપ યુરોપીયન પ્રજાના આગમનથી વધ્યો.

પોર્ટુગીઝ સાહસિક વાસ્કો દ ગામા ૧૫મી સદીમાં ભારત તરફના દરિયાઈ માર્ગની શોધમાં મલબાર આવ્યો એ સાથે ભારતમાં ખ્રિસ્તી ધર્મના પ્રચાર અને પ્રસારનો યુગ શરૂ થયો. ગોવા, ટ્રાન્કેબાર, બોમ્બે, મદ્રાસ અને પોંડિચેરીની યુરોપિયન વસાહતોમાં રહેતા લોકો પશ્ચિમી ખ્રિસ્તી ધર્મ પાળતા તેથી તેમની સાથે સંપર્કમાં આવનારા પણ ખ્રિસ્તી બન્યા. ભારતમાં કેથોલિક (લેટિન અને સિરિયાક વિધિઓ) અને પ્રોટેસ્ટંટિઝમના વિવિધ સ્વરૂપો પ્રમાણે ખ્રિસ્તી ધર્મ પળાતો. પોર્ટુગીઝોએ હિંદુઓ પર જુલમ ગુજારીને અને મંદિરોના વિનાશ કરીને મોટા પાયે ધર્માંતરણ કરાવ્યું. અંગ્રેજોના શાસનમાં સત્તાના પ્રભાવ હેઠળ ધર્માંતરણ વધ્યું તેથી ખ્રિસ્તી ધર્મ ભારતમાં નોંધપાત્ર ધર્મ બન્યો.



બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા

ભારતના લગભગ બે તૃતીયાંશ એટલે કે ૬૫ ટકા ખ્રિસ્તીઓ દક્ષિણ ભારત, ગોવા અને મુંબઈમાં છે.

■■■

ભારતમાં ખ્રિસ્તી કેટલા છે ?

લગભગ ૨.૮૦ કરોડ અનુયાયીઓ સાથે ખ્રિસ્તી ધર્મ ભારતનો હિંદુ અને ઈસ્લામ પછીનો ત્રીજો સૌથી મોટો ધર્મ છે. ઉત્તરપૂર્વ ભારતમાં નાગાલેન્ડ, મિઝોરમ અને મેઘાલયમાં ખ્રિસ્તી ધર્મ સૌથી મોટો ધર્મ છે. અરુણાચલમાં પણ લગભગ ૩૦ ટકા રાજ્ય ખ્રિસ્તી છે. મૂળ ખ્રિસ્તીઓની સાથે મિશ્ર યુરેશિયન લોકો જેમ કે એંગ્લો-ઈન્ડિયન્સ, લુસો-ઈન્ડિયન્સ અને આર્મેનિયન ઈન્ડિયન્સ પણ ભારતમાં છે કે જે ખ્રિસ્તી ધર્મ પાળે છે.

૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ભારતની કુલ વસ્તીના ૨.૩ ટકા એટલે કે ૨.૬૦ કરોડ લોકો ખ્રિસ્તી છે. અલબત્ત આ આંકડો છેતરામણો છે અને વાસ્તવિક રીતે ખ્રિસ્તીઓની વસતી વધારે હોઈ શકે છે. ભારતમાં આદિવાસીઓનું મોટા પાયે ધર્માંતરણ થઈ રહ્યું છે પણ એ લોકોમાંથી મોટા ભાગના પોતે ખ્રિસ્તી છે એવું લખાવતા નથી. આ સંજોગોમાં ખ્રિસ્તીઓની વાસ્તવિક વસતી સરકારી આંકડામાં છે તેના કરતાં બમણી હોઈ શકે છે. ૧૯૫૦ની પહેલી વસતી ગણતરી વખતે ૮૩ લાખ ખ્રિસ્તી હતા ને કુલ વસતીમાં તેમનું પ્રમાણ ૨.૩ ટકા જ હતું એ જોતાં કાગળ પર તેમનું પ્રમાણ ભલે ના વધ્યું પણ વાસ્તવિક રીતે વધ્યું હોઈ શકે છે.

જાણીને આશ્ચર્ય થશે પણ દેશનાં ૭ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં ખ્રિસ્તીઓની વસતી ૧૦ ટકાથી વધારે છે. ગુજરાતમાં લગભગ સાડા ત્રણ લાખ ખ્રિસ્તી છે અને કુલ વસતીમાં તેમનું પ્રમાણ માંડ અડધો ટકા છે તેથી ગુજરાતમાં ખ્રિસ્તીઓનો પ્રભાવ નથી પણ ભારતનાં ઘણાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશમાં ખ્રિસ્તીઓનો વ્યાપક પ્રભાવ છે. જાણીને આશ્ચર્ય થશે પણ નાગાલેન્ડ, મિઝોરમ અને મેઘાલયમાં તો ખ્રિસ્તીઓ બહુમતીમાં છે. ભારતમાં ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ વસતીની રીતે કેરળમાં સૌથી વધારે ખ્રિસ્તી રહે છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ કેરળમાં કુલ વસતીના ૧૮.૩૮ ટકા એટલે કે ૬૧.૪૧ લાખ લોકો ખ્રિસ્તી છે. વસતીમાં ટકાવારીની રીતે નાગાલેન્ડમાં સૌથી વધારે ૮૭.૪૧ ટકા ખ્રિસ્તી છે. નાગાલેન્ડમાં ૧૭.૩૯ લાખ ખ્રિસ્તી છે. મિઝોરમ તેનાથી બહુ પાછળ નથી. મિઝોરમમાં ૯.૫૬ લાખ એટલે કે કુલ વસતીના ૮૭.૦૬ ટકા ખ્રિસ્તી છે. મેઘાલયમાં પણ ૭૪.૫૯ ટકા એટલે કે ૨૨.૧૩ લાખ ખ્રિસ્તી છે.આ ત્રણ રાજ્યોમાં તો ખ્રિસ્તીઓ બહુમતીમાં છે જ પણ અન્ય નોધપાત્ર વસતી ધરાવતાં રાજ્યોમાં મણિપુરમાં ૧૧.૭૯ લાખ (૪૧.૨૯ ટકા), અરૂણાચલ પ્રદેશમાં ૪.૧૮ લાખ (૩૦.૨૬ ટકા) અને ગોઆમાં ૩.૬૬ લાખ (૨૫.૧૦ ટકા) ખ્રિસ્તી છે. કેન્દ્રશાસિત પ્રદેશ આંદામાન અને નિકોબારમાં ૩.૮૦ લાખ એટલે કે ૨૧.૨૮ ટકા ખ્રિસ્તી છે.

■■■

ખ્રિસ્તીઓમાં પણ ફાંટા છે.

દુનિયામાં એવો પ્રચાર કરાય છે કે, ખ્રિસ્તીઓમાં ભેદભાવ નથી અને બધા ખ્રિસ્તી સમાન છે પણ ખ્રિસ્તીઓમાં પણ જાત જાતના ફાંટા છે. રોમન કેથોલિક, પ્રોટેસ્ટન્ટ બે મુખ્ય સમુદાય છે પણ એ સિવાય પણ બીજાં સંખ્યાબંધ ખ્રિસ્તી સમુદાય અસ્તિત્વ ધરાવે છે. ભારતમાં પણ અલગ અલગ ખ્રિસ્તી સમુદાયો છે. એંગ્લો-ઈન્ડિયન લોકો, બંગાળી ખ્રિસ્તીઓ, બેતિયાહર ખ્રિસ્તીઓ, બોમ્બે ઈસ્ટ ઈન્ડિયન કેથોલિક, ક્રિશ્ચિયન રિવાઈવલ ચર્ચ, દલિત ખ્રિસ્તીઓ, ગોઆન કેથોલિક, કરવારી કેથલિક, કાનન્યા ખ્રિસ્તીઓ, મલબારના લેટિન કેથોલિક, મેંગ્લોરિયન ખ્રિસ્તીઓ, મરાઠી ખ્રિસ્તીઓ, મેઈતેઈ ખ્રિસ્તીઓ, પ્રોટેસ્ટન્ટ, પંજાબી ખ્રિસ્તીઓ, રેડ્ડી કેથોલિક, સેન્ટ થોમસ ખ્રિસ્તીઓ, તમિલ ખ્રિસ્તીઓ, તેલુગુ ખ્રિસ્તીઓ એમ જાત જાતના ફાંટા છે.

ભારતમાં પણ દુનિયાના બીજા દેશોની જેમ અલગ અલગ ચર્ચને અનુસરનારા ખ્રિસ્તીઓ છે. હિંદુઓમાં સંપ્રદાય હોય એ રીતે ખ્રિસ્તીઓમાં ચર્ચ હોય છે. ભારતમાં અલગ અલગ પ્રકારના ૫૦ જેટલાં ચર્ચ છે. આ પૈકી સૌથી વધારે અનુયાયી લેટિન ચર્ચ એટલે કે કેથોલિક સંપ્રદાયના છે. ભારતના ૨.૬૦ કરોડ ખ્રિસ્તીઓમાંથી ૧.૧૮ કરોડ રોમન કેથોલિક છે જ્યારે ૪૦ લાખથી વધુ સીરિયન ચર્ચને અનુસરે છે. પ્રોટેસ્ટન્ટ પણ ૬૦ લાખ જેટલા છે ને તેમાંથી લગભગ ૩૦ લાખ બેપ્ટિસ્ટ છે.

આ સિવાય ૨૦ હજારથી શરૂ કરીને ૫ લાખ સુધીના અનુયાયીઓ ધરાવતા ચર્ચ છે. હિંદુઓમાં નાના-નાના સાધુ બાવા પોતપોતાના સંપ્રદાય બનાવીને દુકાન ચલાવે એ રીતે ખ્રિસ્તીઓમાં પણ ફાંટા છે. ઉત્તર ભારતમાં સૌથી જૂનું જાણીતું ખ્રિસ્તી જૂથ બિહારના બેતિયા ખ્રિસ્તીઓ છે કે જેની સ્થાપના ૧૭૦૦ની શરૂઆતમાં થઈ હતી. ઉત્તર ભારતનું ચર્ચ અને દક્ષિણ ભારતનું ચર્ચ પ્રોટેસ્ટન્ટ સંપ્રદાયને અનુસરે છે. પ્રોટેસ્ટન્ટમાં એંગ્લિકન્સ, કેલ્વિનિસ્ટ, મેથોડિસ્ટ અને અન્ય જૂથો છે. આ ચર્ચો વિશ્વવ્યાપી એંગ્લિકન કોમ્યુનિયન, વર્લ્ડ કમ્યુનિયન ઓફ રિફોર્મ્ડ ચર્ચ અને વર્લ્ડ મેથોડિસ્ટ કાઉન્સિલનો ભાગ છે.


■■■

ખ્રિસ્તીઓથી હિંદુઓ અને હિંદુત્વને ખતરો છે ?

ખ્રિસ્તી તહેવારોનો વધતો પ્રભાવ હિંદુત્વ પર મોટો ખતરો છે કેમ કે તેના કારણે આપણી પરંપરાઓ બાજુ પર મૂકાતી જાય છે. અત્યારે ખ્રિસ્તીઓની વસતી બહુ નથી તેથી મોટો ખતરો લાગતો નથી પણ મણિપુરની ઘટનાએ સાબિત કર્યું કે, ખ્રિસ્તીઓની વધતી વસતી ભવિષ્યમાં હિંદુઓ માટે ખતરો બની શકે, ખ્રિસ્તીઓ મોટા પાયે ધર્માંતરણ કરાવે છે તેથી આપણને ખબર ના પડે એ રીતે હિંદુઓની વસતી ઘટી રહી છે અને ખ્રિસ્તીઓની વધી રહી છે. મણિપુરમાં ચાર દાયકા પહેલાં ૧૦ ટકાની આસપાસ ખ્રિસ્તી હતા તે વધીને ૪૦ ટકાને પાર થઈ ગયા પછી હવે હિંદુઓને જ નિશાન બનાવી રહ્યા છે.

આ સ્થિતી બીજે પણ થઈ શકે. ■ sanjogpurti@gmail.com

# કવિ સ્નેહલ જોષીનો એક અદ્ભુત, અદ્વિતીય, અમર, ખતરનાક શેર...



**બાટલો ચડતો રહ્યો ટીપે ટીપે,**
**સાવ ખાલી હું અહીં થાતો રહ્યો.**

**- સ્નેહલ જોષી**

બાટલામાંથી નીકળતી નળી કવિના શરીરમાં જોડવામાં આવી હતી. પરંતુ કવિના શરીરમાંથી નીકળેલી નળી ક્યાં જોડવામાં આવી હતી તે તપાસનો વિષય છે. કારણ કે કવિ અહીં પોતે સાવ ખાલી થયા અંગે સ્ટેટમેન્ટ આપે છે. વળી, કવિ સાવ ખાલી થયા પછી પણ જીવતા છે કારણ કે જીવતા છે એટલે જ તેઓ આ સ્ટેટમેન્ટ આપી રહ્યા છે. તેથી સમગ્ર કૌભાંડ ગંભીર તપાસનો વિષય બની રહે છે.

જોકે થોડીક અધૂરી તપાસ કરી ચૂકેલ એક કાવ્ય અધિકારીએ એવો રિપોર્ટ રજૂ કર્યો છે કે આ સ્ટેટમેન્ટમાં બાટલો સ્થૂળ અને સૂક્ષ્મ એમ બંને અર્થમાં લઈ શકાય તેમ છે પરંતુ કવિ પોતે જે પ્રકારે અંદરથી સાવે સાવ ખાલી થઈ ગયા છે તે સ્ટેટમેન્ટને સુક્ષ્મ અર્થમાં લેવાવું જોઈએ તેમ તપાસ અધિકારી માને છે. તેઓ સમજાવે છે કે કવિ સાથે કશુંક એવું હોનારત થયું છે કે તેમનું દિલ અથવા તો દિમાગ અથવા તો વિચારવા માટેના જે કોઈ સાધનો શરીર કે મનમાં ઉપલબ્ધ હોય તે તમામ ખાલી થઈ ગયા છે. જોકે આ તપાસ અધિકારીને સાવ ખાલી ગણીને તેમની પાસેથી તપાસ આંચકી લેવામાં આવી છે અને તેમને સસ્પેન્ડ પણ કરવામાં આવ્યા છે. કારણ કે જો કવિ સૂક્ષ્મ અર્થમાં સાવ ખાલી થઈ ગયા હોય તો આટલી વિત્તવાન કવિતા કેવી રીતે લખી શકે? - એવો સવાલ આ કાવ્ય તપાસ અધિકારી સામે ઉપસ્થિત થયો હતો.

ધીસ ઇઝ ધેટ

નારન બારૈયા

કવિ સ્નેહલ જોશી સામેની આ તપાસ ખુદ સ્નેહલ જોશીને જ સોંપવાનો વિચાર થઈ રહ્યો હતો ત્યારે જ એક સૂચન એવું આવ્યું કે આ તપાસ કોઈ એક કાવ્ય તપાસ અધિકારીને સોંપવાને બદલે બે અધિકારીઓની ટીમ બનાવવામાં આવે તો તપાસ બહેતર થઈ શકે. આ સૂચનના પગલે બે કાવ્ય તપાસ અધિકારીઓની ટીમ તપાસ માટે બેસાડવામાં આવી પરંતુ તે બંનેને ત્રીજે દિવસે ડિસ્મિસ્ડ કરવામાં આવ્યા. કારણ કે...

બંને કાવ્ય તપાસ અધિકારીઓના પોતપોતાના મત જ એકબીજાથી ભિન્ન હતા અને પોત પોતાના મતને પ્રતિપાદિત કરવા માટે બંને કાવ્ય તપાસ અધિકારીઓ પોએટ્રી ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટની ઓફિસમાં જ એકબીજા સામે બથોબથ આવી ગયા હતા. પરિણામે કાવ્ય કમિશનરના હુકમથી બંનેને ડિસ્મિસ્ડ કરી દેવાયા હતા.

બંને કાવ્ય તપાસ અધિકારીઓ પોતપોતાના મતને જ સાચો ગણાવીને તેને પ્રતિપાદિત કરવા માટે ઓફિસમાં જ "બથોબથ વિધિ" ઉપર શા માટે ઉતરી આવ્યા હતા તે અંગે કાવ્ય કમિશનરે એક તપાસ પંચ નિમ્યું હતું. ત્યારે તપાસ પંચે એવો રિપોર્ટ રજૂ કર્યો કે...

એક કાવ્ય તપાસ અધિકારીના મતે ગેસનો બાટલો કવિના ઘરના પગથિયે ડિલિવરી બોય દ્વારા ધ(સ્ટેપ બાય સ્ટેપ ઉપરના પગથિયાં તરફ ઉપર) ચડી રહ્યો હતો ત્યારે ગેસ એજન્સીએ ગેસનો એ બાટલો સાત દિવસ મોડો પહોંચાડ્યો હોવાથી કવિ પોતે "ધીરજ" નામના તત્વથી ખાલી થઈ ગયા હતા (અને સમગ્ર ફરિયાદ ગેસ એજન્સીના મેનેજરને કરવાને બદલે તેમણે ડીલીવરી બોયને જ ઓન ધ સ્પોટ ખખડાવી નાખ્યો હતો, જે વાત આ શેરમાં કવિ સ્નેહલ જોશીએ અધ્યાહાર રાખી છે).

જ્યારે બીજા કાવ્ય તપાસ અધિકારીનો મત એવો હતો કે... કવિ ગુજરાતી હોવાથી અને વળી ગુજરાતમાં રહેતા હોવાથી પોતે બાટલો એટલી બધી મોંઘી કિંમતે લાવ્યા હતા કે એટલી કિંમતમાં તો દીવ કે દમણમાં આવા ૧૦ બાટલા આવી જાય. પરિણામે કવિ પેગ ઉપર પેગ ભરીને બાટલો પોતાના શરીરમાં ચડાવવાને બદલે ટીપે ટીપે મુખ માર્ગે મગજ ઉપર ચડાવતા રહ્યા હતા. આમ ગ્લાસમાં વ્યવસ્થિત પેગ ભરીને પીવાને બદલે બાટલાની મોંઘવારીને ધ્યાનમાં લઈને કવિ ટીપે ટીપે પી રહ્યા હોવાથી તેમને ચડવો જોઈએ એટલો ચડ્યો નહોતો અથવા તો વધારે પડતો જ ચડી ગયો હતો અને તેથી કવિના દિમાગમાં અને ખિસ્સામાં એક શૂન્યવકાશ સર્જાયો હતો. તેથી કવિ કહે છે કે સાવ ખાલી હું અહીં થાતો રહ્યો... ( કવિ ગુજરાતી છે અને ગુજરાતમાં રહે છે તેથી તેમણે આ સમગ્ર કાંડ ક્યાં થયો છે તે સ્થળનો સ્પષ્ટ અને ઓફિશિયલ ઉલ્લેખ કરવાને બદલે તેમણે માત્ર સ્થળ વાચક સર્વનામ "અહીં" શબ્દનો ઉપયોગ પોલીસને ભ્રમિત કરવા માટે તથા પ્રોહિબિશન એક્ટના વધુ અભ્યાસથી બચવા માટે કર્યો છે.)

બંનેના પોએટીક ઈન્વેસ્ટિગેશન રિપોર્ટ અને પોએટ્રી ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટની ઓફિસમાં થયેલ મારામારીને ધ્યાનમાં લઈને સરકારના ગુજરાત કાવ્ય કમિશનરે બંને કાવ્ય તપાસ અધિકારીઓને સસ્પેન્ડ કરી દીધા હતા. અત્યારે બંને કાવ્ય તપાસ અધિકારીઓ પોરબંદરમાં જઈને કવિ સ્નેહલ જોશીના કાવ્ય ક્લાસ એટેન્ડ કરી રહ્યા છે. (બીજું કાંઈ કરી રહ્યા નથી કારણ કે પોરબંદરમાં છે.) તેથી આ કાવ્ય કૌભાંડ ગુજરાત સરકારના પોએટ્રી ડિપાર્ટમેન્ટ માટે એક ગંભીર તપાસનો વિષય બની રહે છે.

અસ્તુ... ■ naranbaraiya277@gmail.com

# ઊંઘ સૌંદર્ય અને માનસિક શાંતિની સંજીવની છે



૨૪ કલાકના પૃથ્વીચક્રમાં મનુષ્ય પોતાના જીવનમાં ત્રીજા ભાગની ઊંઘ લે તે અનિવાર્ય છે. મનની ગતિ અનંત છે. સતત વિચારશીલ રહેવાથી મગજની બેટરી ઓછી થાય છે. બિનજરૂરી વિચારો કરવાથી મગજને તણાવ પહોંચે છે. સંપૂર્ણ આરામ એ શરીર માટે જરૂરી છે. આરામ હરામ હૈ એ સૂત્ર અમુક સમયે નિરર્થક છે પરંતુ સંપૂર્ણ શારીરિક અને માનસિક ક્ષમતા કેળવવા પૂરતી ઊંઘ જરૂરી છે. પરીક્ષાના ભય હેઠળ બાળકો બિનજરૂરી ઉજાગરા અને તણાવગ્રસ્ત બનીને પરીક્ષા આપતા હોય છે ત્યારે સ્ટ્રેસ અનુભવતા હોય છે. પ્રફુલ્લિત વાતાવરણ અને માનસિક શાંતિ એ રામબાણ ઈલાજ છે. મનોચિકિત્સકો વિદ્યાર્થીઓ માટે વધુમાં વધુ આઠ કલાક અને ઓછામાં ઓછી સાત કલાકની નિંદ્રાને સલાહભર્યું માને છે. સતત ઊંઘ વિના ગાળે તો વ્યક્તિ એકાગ્રતા ગુમાવી બેસે છે. માનવી પોતાની જિંદગીનો ત્રીજો ભાગ નિંદ્રામાં-સૂવામાં વીતાવે છે. એમ છતાં, જીવનના આ અતિ મહત્ત્વના વિષયને, હજારો વર્ષોની વૈજ્ઞાનિક શોધખોળોના અંતે પણ, વૈજ્ઞાનિકો યથાર્થ સમજી શક્યા નથી. કહોને કે ઊંઘની સાચી વ્યાખ્યા જ કરી શક્યા નથી. ઊંઘ કઈ રીતે આપણને તાજગીભર્યા ફ્રેશ પ્રફુલ્લિત કરે છે એ બાબત હજુય વૈજ્ઞાનિકો માટે ખૂબ મોટો સંશોધનનો વિષય છે. મનને અને તનને આરામની જરૂર હોય છે. માનસિક શાંતિ કેળવવા માટે યોગ, પ્રાણાયામ અને સ્ફુર્તીવાળુ જીવન આવશ્યક છે. સવારે સ્ફૂર્તિ સાથે જાગવા માટે દરેક વ્યક્તિને પૂરતી ઊંઘ જોઈએ. પૂરતી ઊંઘ સૌંદર્યને નિખાર આપે છે. પૃથ્વીમાં પુખ્ત વયની માનવ વસ્તીને રાત્રીના ઊંઘના કલાકોના આધારે વહેંચવાની થાય તો નિયમિત ત્રણ કલાક કે તેથી ઓછી ઊંઘ લેનારા કદાચ આંગળીના વેઢે ગણાય તેટલા જ મળી આવે. પાંચથી છ કલાકની ઊંઘ લેનારાની સંખ્યા ૧/૩ જેટલી કહી શકાય અને સાતથી આઠ કલાકની ઊંઘ ૧/૨ લોકો લે છે. કેટલાક તો નવ કલાક કે તેથી વધુ ઊંઘ લેનારા પણ હોય છે. બાકીના ૧/૬ લોકો નવ કે નવ કલાકથી વધુ અથવા પાંચ કલાકથી ઓછી ઊંઘ લેનારાઓ હશે. આમ છતાં, મનોચિકિત્સકો વિદ્યાર્થીઓ માટે વધુમાં વધુ આઠ કલાક અને ઓછામાં ઓછી છ કલાકની નિંદ્રાને સલાહભર્યું માને છે. વધુ પડતી ઊંઘ તેમની મગજની સક્રિયતાને ઘટાડે છે. ઓછી ઊંઘ તેમને થાકેલા રાખે છે. ખાસ કરીને પરીક્ષાના દિવસોમાં વિદ્યાર્થીઓ રાત્રે ઓછી ઊંઘ લઈને મોડે સુધી વાંચતા રહે છે પરંતુ અપૂરતી ઊંઘને લીધે એનો કોઈ વિશેષ લાભ થતો નથી. ઊલટું મન પર બોજ કે તાણનો વિશેષ અનુભવ થાય છે. માનવીને જો પૂરતી ઊંઘ ન મળે તો...ઊંઘને આત્માના સુખના અનુભવ સાથે સરખાવવામાં આવે છે. ઊંઘ અને ભૂખ આગળ ગરીબ-તવંગર કે અભણ-વિદ્વાનના ભેદ મટી જાય છે. કદાચ માણસ ભોજન વિના ચલાવી શકે, પણ નિંદ્રા વિના નહિ. નિંદ્રા જીવનની અતિ અગત્યની જરૂરિયાત છે. 'વર્લ્ડ બુક ઑફ એનસાઈક્લોપીડિયા' નોંધે છે કે 'નિંદ્રાનું એક સૌથી મોટું કાર્ય આપણા ચેતાતંત્રને પુનઃ તાજગીભર્યું કરવાનું છે.' નિદ્રા દરમ્યાન આપણા શરીરમાં એવાં કેટલાંક પરિવર્તનો થાય છે કે જેને લીધે આપણી રોગપ્રતિકારક શક્તિ વધે છે. દિવસભરની થકવી નાંખતી પ્રવૃત્તિઓની કોઈક પ્રતિક્રિયા આપણા શરીરમાં નિદ્રા દરમ્યાન થાય છે. કેટલાક તબીબો નિંદ્રાને, નગરમાં રાતે કામ કરતી એવી મેઈન્ટેનન્સ પ્રવૃત્તિ સાથે સરખાવે છે, જે બીજા દિવસની પૂર્વ તૈયારીરૂપે રાત્રે નગરમાં બધું સ્વચ્છ કરી નાંખે, રિપેર કરી નાંખે. ચાર દિવસથી વધુ ઊંઘ ન મળે તો કેટલીક થોડી રોજિંદી શારીરિક પ્રવૃત્તિ કરવાની ક્ષમતા જ રહે છે. જે કામ કરવામાં સહેજ પણ એકાગ્રતાની જરૂર પડે કે માનસિક શ્રમ થાય એવું કોઈપણ કામ કરવાની ક્ષમતા ખલાસ થઈ જાય છે. સાડા ચાર દિવસ સતત ઉજાગરા પછી ચિત્તભ્રમ અને દષ્ટિભ્રમ થાય છે. જો સતત દસ દિવસ સુધી કોઈને ઊંઘવા દેવામાં ન આવે, તો તેની માનસિક, બૌદ્ધિક અને શારીરિક કાર્યો કરવાની ક્ષમતા લગભગ ખલાસ જ થઈ જાય છે. એનું મગજ કોઈ જ નિર્ણય લઈ શકતું નથી. યાદશક્તિ ક્ષીણ થઈ જાય છે. દસ દિવસથી વધુ જાગતો રાખવામાં આવે તો તેને ચિત્તભ્રમ થઈ જાય છે. ધીમે ધીમે તેની ઈચ્છાશક્તિ શૂન્યવત્ થઈ જાય છે અને જીવનથી અત્યંત કંટાળો પ્રેરતી ગાઢ હતાશા-નિરાશામાં ધકેલાઈ જાય છે. માનવીએ કુંભકર્ણની જેમ નિંદ્રા ન લેવી જોઈએ પરંતુ સંપૂર્ણ સ્વસ્થતા માટે આરામ અનુકૂળ છે. કેટલાક લોકો બિનજરૂરી વિચારોના કારણે ટેન્શનમાં રહે છે. જેના કારણે અનેક શારીરિક અને માનસિક રોગ નિર્માણ પામે છે. એવા સમયે ડ્રગ્સ અને દારૂ જેવા વ્યસનના માર્ગે સપડાય છે. પરીક્ષા વખતે વિદ્યાર્થીએ પૌષ્ટિક આહાર અને પૂરતા પ્રમાણમાં પાણી તેમજ આરામ સંપૂર્ણ પ્રમાણમાં લેવો જોઈએ અને આયોજન પ્રમાણે મહેનત કરી અને સારી સિદ્ધિ મેળવી શકાય તેમ છે.




સામાજિક અને શૈક્ષણિક

વિપુલ.ડી. પટેલ (રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)

■ Mo.૯૮૨૫૭૦૨૨૮૨

# માનસિક રોગ તેમજ તેનો મનોવૈજ્ઞાનિક ઉપચાર



હિંદી ફિલ્મનું આ સુમધુર ગીત મનની અપ્રતિમ શક્તિ દર્શાવે છે. જ્યારે એ અપ્રતિમ શક્તિવાળુ મન બીમાર બને છે ત્યારે તેને સ્વસ્થ કરવું એ ઘણું જ ધૈર્ય અને મહેનત માગે છે.

જીવન એક અજ્ઞાતની યાત્રા છે. આ યાત્રામાં વ્યક્તિ સમક્ષ બે માર્ગ હોય છે. ૧) શ્રેયનો માર્ગ ૨) પ્રિય લાગે તેવો માર્ગ. તેમાં શ્રેયનો માર્ગ એટલે સદા માટે બધા પ્રકારના દુઃખોથી છુટીને નિત્ય આનંદ સ્વરૂપ પરબ્રહ્મ પુરૂષોતમને પ્રાપ્ત કરવાનો માર્ગ. બીજુ એટલે કે પ્રેય માર્ગ જેમાં સાંસારિક સુખ ભોગ વિલાસની સામગ્રીઓ અને તેની પ્રાપ્તિનો ઉપાય. બુધ્ધિમાન પુરૂષ બંન્ને માર્ગોનો બરાબર વિચાર કરીને પુરૂષાર્થ દ્વારા શ્રેય માર્ગને પસંદ કરે છે અને અધ્યાત્મ માર્ગનું અનુસરણ કરીને સંસારરૂપી શોક સમુદ્રને સહજભાવથી પાર કરી જાય છે.


વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્ર્ન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

સંસારમાં કોઈ એવો વ્યક્તિ નથી કે જેને કોઈ શારીરિક કે માનસિક રોગ ન હોય. વાત, પિત અને કફ વિષમ થવાના કારણે રોગ ઉત્પન્ન થાય છે.

''આધુનિક સભ્યતાએ માનસિક રોગીઓની સંખ્યામાં વૃધ્ધિ કરેલ છે.''

પ્રસિધ્ધ પાશ્ચાત્ય મનોચિકિત્સક ડૉ. સિગમંડ ફ્રોઈડે પ્રબળ કામશક્તિના દમનને કારણે માણસ મનોરોગી બને છે તેવું દર્શાવેલ છે. અત્યારના સમયમાં અનિયંત્રિત ભોગ ઈચ્છા માનસિક રોગનો મૂળ હેતુ બની જાય છે. શારીરિક સુખની ઈચ્છા ઈન્દ્રિય ભોગને કારણે ઉત્પન્ન ભોગને થાય છે અને સમાજના ભયથી અથવા નૈતિક મુલ્યોને કારણે આ ભાવનાઓની ઈચ્છાઓની આકાંક્ષાઓની પૂર્તિ થતી નથી ત્યારે તે દમિત થાય છે. આ અતૃપ્ત આકાંક્ષાઓ માનસિક રોગોમાં પ્રતિક રૂપે પ્રકાશિત થાય છે. અર્થાત અમર્યાદિત કામોપભોગથી દૂર રહેવું જોઈએ.

ભગવદ્ ગીતામાં યુક્ત આહાર વિહાર દ્વારા દુઃખોથી છુટવાનો ઉપાય ભગવાન શ્રી કૃષ્ણની અમોઘ વાણીમાં દર્શાવેલ છે. આપણે જેવો સંગ કરીએ છીએ, જેવું વિચારીએ છીએ તેવા જ બની જઈએ છીએ. તેથી જ સદગ્રંથ આપણને સતપથ પર ચાલવાનો આદેશ આપે છે. કારણ કે સત્વ ગુણનો આરોગ્ય સાથે ઘનિષ્ઠ સંબંધ છે. રજોગુણ અને તમોગુણ મનુષ્યને રોગ, ચિંતા તથા પ્રમાદ તરફ લઈ જાય છે. જેનાથી જીવનમાં શારીરિક રોગો જેવા કે ઉંચુ લોહીનું દબાણ, લીવરની બીમારી, મધુપ્રમેહ, કેન્સર જેવી બીમારીઓથી મનુષ્ય ગ્રસિત થાય છે અને તે અતિશય દુઃખદ છે.

સત્વગુણી કોને કહી શકાય? ભાવપ્રકાશ નામના ગ્રંથમાં કહેવાયું છે કે, આસ્તિક, સંતુલન કરનાર, શાંત ચિત રાખનાર, સત્ય વચન બોલનાર, બુધ્ધિશાળી, ધીરજવાન, ક્ષમા તથા કરૂણાથી યુક્ત, અભિમાન વગરનો, ખોટી ઈચ્છાઓથી રહિત, આનંદપૂર્વક પોતાનું કર્મ કરનાર, વિનયશીલ પુરૂષ તથા સદૈવ ધર્મનો આદર કરનાર જ સત્વગુણ સંપન્ન કહેવામાં આવે છે. આવા દિવ્ય ગુણોને કારણે જ્ઞાનીઓએ આવા સત્પુરૂષોનું મહિમાગાન કરેલ છે.

પાશ્ચાત્ય મનોવૈજ્ઞાનિકો માને છે કે, મનુષ્યનું મન સમુદ્રમાં તરતા બરફ જેવું છે. જેનો એક અંશ પાણી પર દેખાય છે. બાકીના આઠ ભાગનો બરફ પાણીની અંદર હોય છે. બહાર દેખાતો ભાગ જેને ચેતન મન સમજવામાં આવે છે અને અદશ્ય ભાગને અચેતન મન કહેવામાં આવે છે.

મનુષ્યનું ચેતન મન જ્યારે ઉંઘી જાય છે ત્યારે અચેતન મન જાગતું રહે છે. 'છાંદોગ્ય ઉપનિષદ' અનુસાર સુષુપ્તિ અર્થાત ગાઢ ઉંઘમાં મનુષ્ય ઈશ્વર સાથે જોડાઈ જાય છે. મનમાં પરમાત્માનો પ્રવેશ થાય છે. જેમ અરિસામાં મનુષ્યનું પ્રતિબિંબ પ્રવેશ કરે છે. સમાધિમાં તથા શાંત મનની સ્થિતિમાં સુવાથી જીવાત્મા પરમાત્મા સાથે જોડાઈ જાય છે. મનુષ્ય જાગૃત થાય ત્યારે તાજગી અનુભવે છે. (ક્રમશઃ)

hemangidmehta@gmail.com

# બોસ મનમાં ને મનમાં ધૂંઆપૂંઆ થતાં હતાં



બોસ રસ્તા વચ્ચે કેટલીય વારથી ઉભાં હતાં. એક કરતાં એકેય એસ.ટી.બસ આવી રહી નથી. અને વારે વારે એસ.ટી.બસની આગળ આગળ હાલતાં પ્રાઈવેટ વાહનો પણ આજ દેખા દેતાં નથી.

'સરકારનો જાહેર કાર્યક્રમ હોય એટલે ગમે ત્યારે, ગમે ઈ રૂટ કેન્સલ કરી દેવાનો પરવાનો આ સરકારી માણસોને કોણે આપ્યો હશે ?'

બોસ મનમાં ને મનમાં ધૂંઆપૂંઆ થતાં હતાં. કહે તો કોને કહે ? 'આ બકો ' ય કેટલાં દિવસથી દેખાતો નથી. કોણ જાણે કોણ શું કરી રહ્યું છે. હવે તો એકાદ છકડો આવે તોય ઘરભેગા થઈ જઈએ.'

બોસને હજી તો છકડાનો વિચાર આવ્યો ત્યાં, એક નવી નક્કોર ગાડી આવીને ઊભી રહી ગઈ. બોસ બે ડગલાં પાછળ હટી ગયાં. 'આજકાલનાં બી.પી.એલ. છોકરાઓનું કાંઈ નક્કી નહીં. ગમે એને ગમે એમ ઉડાડી મૂકે છે અને પછી પૈસાનાં જોરે કલાકોમાં છૂટીય જાય છે. વાંક વગરનાનો વાંહો બાવળો થઈ જાય છે.'


લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

કાળાં કલરનો કાચ ધીમેધીમે ખૂલ્યો. બોસની આંખો ચાર થઈ ગઈ.

"બકા , તું..ઉ.ઉ..??"

"હા હા હું ! હવે કાંઈ લપછપ કર્યા વગર બેસી જાવ ગાડીમાં. નહીંતર ટ્રાફિક થઈ જશે." "હા પણ, આ બધું શું છે ? કેવી રીતે??" "તમે પેલાં ગાડીમાં બેસો. હું રસ્તામાં બધું જ કઉં છું." ગાડી રસ્તાને ચૂમી ભરી ના ભરી સડસડાટ આગળ વધી રહી હતી. "બકા, હવે તો કે, કાંઈ નવો ધંધો ચાલુ કર્યો છે? કે પછી લોટરી બોટરી લાગી છે??" "ના બોસ. અમારી જેવાં અભણ માણસ ધંધોય શું કરે ? " "તો પછી આ મોંઘીદાટ ગાડી !? તારી પાંહે તો કેરોસીનથી હાલતું ફટફટીયું માંડ હતું. કોઈ સરકારી કામ રાખ્યું છે??"

"નારે ના બોસ. આ બધી ઉપરવાળાની મહેરબાની છે." "ઉપરવાળો એટલે કોણ ? ભગવાન !??" "ના હવે !! ભગવાનની આમાં ક્યાંય જગ્યા જ નથી." "તો પછી ચોરી કરી !??" "નારે ના, ચોરી કરે ઉપરવાળો. આપણે શું ?" "હવે ગાડીના સ્ટિયરીંગની જેમ ગોળ ગોળ ફેરવીશ કે મૂળ મુદ્દાની વાત કરીશ." "જૂઓ.., આપણે મત આપી આપીને થાકી ગયાં. પણ કોઈ 'દિ બે પાંદડે ના થયાં. ઉલ્ટાના મત માંગવાવાળા બે શું હજાર પાંદડે થઈ ગયાં. એટલે મને મનમાં થયું લેન ફેરવવી પડશે."

''એટલે તું કારણ વગરનાં રાજકારણમાં ગયો ?''

''હા બોસ. આનાં વગર છૂટકો જ નહોતો."

"પણ તારું ન્યા હાલ્યું કેવી રીતે?"

"બોસ, કોઈ ક્યાંય ના હાલેને ઈ રાજકારણમાં જલ્દી હાલે. બસ, આપડે ઈ રાજકારણની ટ્રેનમાં ચડી ગયાં."

"હા પણ, તને એમાં જગ્યા મળી ગઈ ?"

"બોસ આપડી સામાન્ય ટ્રેનમાં 'ય જગ્યા મળતી નથી. તો આ તો રાજકારણની ટ્રેન. પણ, જગ્યા કરી લેવાની હોય. એક પછી એક ચૂંટણી. મતલબ સ્ટેશન આવતાં જાય અને આપણને ગમે ઈ લેતું જાવાનું."

"એટલે ઉમેદવારને અંધારામાં રાખીને કટકી કરી લેવાની ?"

"ના ના ના બોસ, ના. આને કટકી ના કહેવાય! વળતર કહેવાય. એ મોટી સેવા કરે તો આપણે નાની સેવા કરવાની."

"ઓ હો હો ..! સેવા કરવાનો તો રાફડો ફાટયો છે. તો પછી આટલી બધી સેવાઓ જાય છે ક્યાં ?"

"સૌ સૌના ઘરે."

"હજી મને એક વાત નથી હમજાતી કે, સેવાથી સૌનાં ઘર ભરાઈ જાય છે તો પછી આટલી બધી સેવા આવે છે ક્યાંથી?"

"સરકાર સંસદસભ્યો, ધારાસભ્યો પાસે આ સેવા કરાવે છે. અને આ બચાડા ચૂંથાયેલા. સોરી..સોરી.. !! ચૂંટાયેલા સેવાનાં મહારથીઓ એક પછી એક સેવા કર્યે જ જાય છે."

"તો પછી આ સેવાનો રેલો તમારાં સુધી કેવી રીતે પહોંચે છે ? કે, તમારે કેરોસીનના ફટફટીયામાંથી સીધી જ ફોરવ્હીલ બની જાય છે."

"બોસ બોસ , તમે મને આવાં અઘરાં સવાલો ના પુછો. અને હંધૂય મારે જ કેવાનું? અમારે પણ ઘણીવાર ન બોલવામાં નવ ગુણ ગ્રહણ કરવાનાં હોય છે. અને અમે જ હંધૂય કરીશું તો મતદારો શું કરશે ?? શું કહેશે ?? અને આવાં અઘરાં સવાલો તમે વિધાનસભા અને સંસદસભા માટે રાખી મૂકો. કારણ કે, વિપક્ષને પ્રશ્નો જડતાં નથી."

"તો હાલો અભણ અમથાલાલ પાંહે જઈએ."

અભણ અમથાલાલે હંધીય પરિસ્થિતિ પામીને પ્રશ્નોનો પરપોટો ફોડી નાખ્યો.

"જૂઓ.., એક ધારાસભ્ય એક ચૂંટણીમાં બે પાંચ દસ કરોડનો ખર્ચ કરી નાંખે છે.

એક સંસદસભ્ય ચૂંટણી જીતવા પચ્ચીસ પચાસ કરોડનો ખર્ચ કરે છે. આવી લોક વાયકા છે. હાસુ ખોટું રામ જાણે. હવે આ થયું એમનું રોકાણ..!!

હવે રોકાણ પરનું વળતર તો મળવું જોઈએ ને ??


એટલે એ કામ માટે વચેટિયા રાખે છે. અને કેટલાંક વહીવટદારો બનીય જાય છે. સરકારી કામમાં દસ ટકા વીસ ટકા કમિશન માંગે છે.

અને જાણકારો કહે છે કે, આવું કમિશન એમને મળે પણ છે."

"તો પછી બકા તારે ગાડી થઈ કેવી રીતે ??" "કમિશનમાંય કમ - કમિશન. હવે તમે કોઈને કે 'તા નઈ."

kalubhaibhad123@gmail.com

# રાજસ્થાનનું રાજાશાહી શહેર...જેસલમેર



રાજસ્થાન એટલે રાજા-રજવાડાં, મહેલ-કિલ્લા અને રણમાં ધબકતું રંગબેરંગી લોકજીવન. જ્યાં દર વર્ષે લાખો પ્રવાસીઓ અહીંના શહેરોના મહેલ અને કિલ્લા જોવા આવે છે. અહીંના કિલ્લા આજે પણ રાજાશાહીની ઝલક દર્શાવે છે. તો ચાલો એવા જ સ્વર્ગસિટી જેસલમેરની સફર કરીએ...

જેસલમેરનો ઈતિહાસ ૮૦૦ સદી જૂનો છે. જેસલમેર લોદુરવાની ગાદી દેવરાજાના સૌથી મોટા વારસદાર રાવલ જેસલના નાના સાવકા ભાઈ રાવલ જેસલે વસાવેલું હોવાથી જેસલમેર કહેવાયું. રાજસ્થાનના રણ પ્રદેશમાં આવેલું જેસલમેર એક સુંદર સિટી છે, જેને ગોલ્ડન સિટી પણ કહે છે. મરુભૂમિમાં આવેલું હોવા છતાં જેસલમેર પોતાના આકર્ષક મહેલ-કિલ્લા, હવેલી, કલા સંસ્કૃતિ અને લોકનૃત્ય માટે જાણીતું શહેર છે. જેસલમેર પાકિસ્તાન સીમાની નજીક હોવાથી સુરક્ષાની દ્રષ્ટિએ પણ મહત્ત્વનું સ્થળ છે.

જીવન તરંગ

જયસ્વી પટેલ

**- ગાડીસર તળાવ :**

ગાડીસર તળાવ ખાતે યોજાતા લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં જેસલમેરના ઈતિહાસ, શુરવીરોની કહાની, જાણીતા પ્રવાસન સ્થળોની માહિતીને રસપ્રદ રીતે રજૂ કરાય છે. આ લેસર વોટર શોમાં જેસલમેરના કિલ્લાના નિર્માણની વાત, કિલ્લા પર આક્રમણકારોના હુમલાની વાત, જેસલમેરના વીરોની બહાદુરી-બલિદાનની ગાથા, તનોટ માતા મંદિર, રામદેવરા મંદિર, લોદ્રુવા મંદિરની સિનેમેટ્રોગ્રાફી, લક્ષ્મી નારાયણ મંદિર, લોંગોવાલની રસપ્રદ વાતને રજૂ કરાય છે. તેની સાથે રાજસ્થાની ગીતો પર મ્યુઝિકલ ફાઉન્ટેનનો ડાન્સ માણવાની દર્શકોને ખૂબ મજા આવે છે.

**- નાથમલની હવેલી :**

નાથમલની હવેલી દીવાન મોહતા નાથમલના નિવાસ માટે બનાવી હતી, જેઓ જેસલમેર રાજ્યના વડાપ્રધાન હતા. મહારાવલ બેરીસાલ દ્વારા બનાવેલી આ હવેલી માટે બે ભાઈઓ- હાથી અને લુલુએ ખૂબ જહેમતથી શિલ્પકામ કર્યું હતું અને આ હવેલીની વાસ્તુ કારીગીરીમાં સહયોગ આપ્યો હતો. હવેલીના મુખ્ય દ્વાર પર પથ્થરના બે હાથી, જાણે તમારું સ્વાગત કરવા ઊભા હોય. ૧૯મી સદીમાં બે વાસ્તુકાર ભાઈએ નાથમલની હવેલીનું નિર્માણ કર્યું હતું. તેમણે હવેલી પર બે બાજુ કામ કર્યું હતું, જેના પરિણામે સુંદર વિભાજિત માળખું સામે આવ્યું હતું. પીળા સેંડસ્ટોન પર કરેલી ઝીણી કોતરણી ખૂબ સુંદર છે. નાથમલ હવેલીની કોતરણી અને ડિઝાઈન અન્ય તમામ હવેલીઓ કરતાં અલગ જ તરી આવે છે.

**- ગોલ્ડન ફોર્ટ :**

સોનાર કિલ્લો એ વર્લ્ડ હેરિટેજ સાઈટ છે. થાર રણના ત્રિકુટા પર્વત પર અડીખમ ઊભેલો આ કિલ્લો ઘણાં ઐતિહાસિક યુદ્ધનો સાક્ષી બની રહ્યો છે. આ કિલ્લા પર જ્યારે સૂર્યપ્રકાશ પડે છે, ત્યારે કિલ્લો સોનાની માફક ચમકે છે કારણ કે તે પીળી રેતીના પથ્થરથી બનેલો છે. એટલે જ તેને સોનાર કિલ્લો કે ગોલ્ડન ફોર્ટ કહે છે. એજ રીતે આથમતો સૂર્ય પણ કિલ્લાને સાંધ્ય પ્રકાશથી રહસ્યમય બનાવે છે. અનોખી શૈલીમાં નિર્માણ કરાયેલો આ કિલ્લો સ્થાનિક શિલ્પકારોએ રાજવી પરિવાર માટે બનાવ્યો હતો. મહાન ફિલ્મ નિર્માતા સત્યજીત રેની પ્રખ્યાત ફિલ્મ ફેલુદામાં સોનાર કિલાનો ખાસ ઉલ્લેખ છે. અહીં ઘણી ફિલ્મોનાં શૂટિંગ કરાયાં છે. આ કિલ્લાની સામે રાજસ્થાન પ્રવાસન વિભાગ દર વર્ષે ફેબ્રુઆરીમાં ડેઝર્ટ ફેસ્ટિવલનું આયોજન કરે છે. જેમાં ઊંટ દોડ, ઊંટ મેક-અપ, ઊંટ ડેકોરેશન, ઊંટનું દૂધ દોહવાની સ્પર્ધા, પાઘડી બાંધવાની સ્પર્ધા અને વિવિધ પ્રકારના નૃત્ય-સંગીતના કાર્યક્રમ યોજાય છે. આ ઉત્સવ માણવા હજારો દેશી-વિદેશી પ્રવાસીઓ અહીં ઉમટી પડે છે.

**- સલીમસિંહ હવેલી :**

જેસલમેર રેલ્વે સ્ટેશન પાસે આવેલી આ હવેલી મોર પંખ જેવા ગોળાકાર ઝરુખાથી શણગારેલી છે. ૧૮મી સદીની શરુઆતમાં નિર્માણ કરાયેલી સલીમસિંહ હવેલી આશરે ૩૦૦ ઉપરાંત વર્ષ પ્રાચીન હોવાનું મનાય છે, જે જેસલમેરના સલીમ સિંહનું નિવાસસ્થાન હતી. હવેલીનો એક ભાગ હજુ પણ તેના વંશજોના કબજામાં છે. ઊંચી કમાનવાળી છતમાં સ્લોટને વિભાજીત કરી મોરના આકારના શિલ્પ બનાવ્યાં છે. એક દંતકથા મુજબ, અહીં મહારાજાના મહેલ જેટલી જ ઊંચાઈ આપતા લાકડાના બે માળ હતા, જેને તોડી પાડવાનો આદેશ આપ્યો હતો. સુવર્ણ આભૂષણો જેવી આ હવેલીને જોઇને પ્રવાસીઓ ખૂબ આશ્ચર્યચકિત બની જાય છે.

sanjogpurti@gmail.com

# રંગરંગીયો બચી ગયો !



એક વખત લાલીયો, પીળીયો, લીલીયો, ધોળીયો, કાળીયો, જાબુંડીયો, ટપકીલો ને રંગરંગીયો બધાય ફુગ્ગા ભેગા થયા. બધાય અંદરોઅંદર વાતોએ ચડ્યા.

લાલીયો કહે, "આ આપણા ફુગ્ગાની જાત સાવ નાજુક ને નમણી. જીવન સાવ નાનું. આ સહેજ વધારે ફૂલ્યા નથી કે ફટાક કરતા ફૂટ્યા નથી. લોકો પણ આપણને ફૂલાવે ને ફોડી નાખે. એમાંય ટાંકણીઓ ભોંકીને ફોડે ત્યારે ઘણું દુઃખ ને દર્દ થાય."

પીળીયો તરત બોલ્યો, "આ લાલીયાની વાત સાવ સાચી છે. મને કોઈ ફૂલાવે ત્યારે જ ખબર પડી જાય કે હવે આપણું ફૂટવાનું નક્કી છે."

ટપકીલો વાતમાં વચ્ચે ટાપસી પૂરતાં બોલ્યો, "હા ભૈ હા! એ તો જેવાં જેનાં નસીબ! હવે આમ ક્યાં સુધી વાતોનાં વડાં કરશો. ભેગા જ થયા છીએ તો કાંઈ મોજ કરવાનું વિચારો."

ટપકીલાની વાત સાંભળી રંગરંગીયો આનંદમાં આવી ગયો ને બોલ્યો, "હા હા, ચાલો પેલા ઊંચા આકાશની સફરે જઈએ. એય વાદળાં સાથે રમવાનું, પક્ષીની જેમ ઊડવાનું ને વિમાનની જેમ સરરર ઘરરર કરતાં આકાશમાં ફરવાનું."

બધાંયને રંગરંગીયાની વાત ગમી. સૌએ આકાશમાં ઊડવાનું નક્કી કર્યું. સૌના આનંદનો પાર નહોતો.


રે વાર્તા!
મનીષ સુથાર

ધોળીયો કહે, "જુઓ, આકાશમાં ઊડવાનું નક્કી. પણ સૌએ સાથે રહેવાનું ને સાથે પાછા આવવાનું."

બધા એકસાથે બોલ્યા, "હા હા, બધા એકસાથે જ ઊડશું, ફરશું, રમશું ને પાછા આવશું." એમ કરતાં બધાય ફુગ્ગાએ ઊંચે આકાશ ભણી ઉડાન ભરી. ધીરે ધીરે બધાય ફુગ્ગા આકાશમાં ઊંચે ને ઊંચે ચઢવા લાગ્યા. ઘડીક લાલીયો આગળ તો ઘડીક પીળીયો. ઘડીક લીલીયો આગળ તો ઘડીક ધોળીયો. આગળપાછળ ઊડતાં ઊડતાં બધાય ફુગ્ગા ઊંચે ને ઊંચે ઊડવા લાગ્યા. ધીરે ધીરે બધા વાદળાં નજીક પહોંચી ગયા.

ટપકીલાને વાદળાં વચ્ચે જઈ રમવું હતું. એ તો સરરર સરરર કરતો દોડ્યો ને વાદળાં વચ્ચે જઈ ચડ્યો. ઝડપભેર દોડતાં વાદળાં વચ્ચે રમવાની તેને મજા પડી. એને થયું, 'આ વાદળાં તો બહુ દોડાદોડ કરે છે. લાવને હું પણ એમની પાછળ દોડું.' પણ આ શું! એ તો દોડીદોડીને થાકી ગયો. થોડીવારમાં એણે એક વાદળાની પૂંછડી પકડી લીધી. આખાય આકાશમાં ઘૂમરીએ ચડ્યો. આ જોઈ બધાય ફુગ્ગાએ વાદળાની પૂંછડી પકડી. બધાંયને આકાશમાં રમવાની, ફરવાની ને દોડવાની મજા પડી.

એવામાં રંગરંગીયો કહે, "તમે બધા અહીં રમો-ફરો ત્યાં સુધી હું જરા હજુ થોડે ઊંચે જઈ આવું. હવે આટલે ઊંચે આવ્યા જ છીએ તો થોડે વધુ ઊંચે જઈ આવું." કોઈ કાંઈ કહે, સમજે એ પહેલાં રંગરંગીયો સરરર સરરર કરતો ઘણો ઊંચે પહોંચી ગયો. એમાંય વચ્ચે વાદળાં હોઈ હવે એ દેખાતો પણ નહોતો. બીજા ફુગ્ગાઓને એની ચિંતા થવા લાગી. સૌની નજર વાદળાંની પેલે પાર હતી. પણ રંગરંગીયો ક્યાંય નજરે ન ચડ્યો.

એવામાં રંગરંગીયો હાંફળોફાંફળો થતો દોડતો પાછો આવ્યો. એ બરાબર હાંફતો હતો. દોડીને થાકી ગયો હતો. "શું થયું? શું થયું? કેમ આટલો હાંફે છે?" - બધાએ નવાઈ સાથે પૂછ્યું.

"અરે ઘડીક શ્વાસ તો લેવા દો. તમને બધી વાત કહું છું. પણ થોડીક શાંતિ રાખો. અરે શું કહું તમને! ઉપર જતાં તો જતો રહ્યો. પણ ત્યાં તો પવનનું ભારે તોફાન. પવનના જોરમાં હું અહી-તહીં ફેંકાતો ને તણાતો હતો. એમાંય હાડ થિજાવતી કડકડતી ઠંડી. પવનના તોફાનમાંથી માંડમાંડ છૂટીને ને બચીને પાછો આવ્યો છું. આજે તો નક્કી હું ફૂટી જ જાત!"

"તે તું અમને મૂકીને એકલો દોડ્યો તો ઊંચે ને ઊંચે. આપણે પહેલાં જ નક્કી થયું હતું સૌએ સાથે રહેવાનું ને સાથે પાછા આવવાનું." - ધોળીયાએ જરા ગુસ્સા સાથે કહ્યું.

"હા હા, મારી ભૂલ થઈ ગઈ કે હું એકલો જરા વધુ ઊંચે પહોંચી ગયો. I am sorry friends."

રમતાં ને ફરતાં અંધારું થવા આવ્યું. સૌ આનંદ કરીને પાછા ઊતર્યા.

Mo 9099172177

● આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી."

# રાજયમાં માવઠાની આગાહીને લઈ દિલીપ સંઘાણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

**માવઠાથી સંભવિત નુકસાનમાં ખેડૂતોને સહાય મળે તે અંગે રજૂઆત**




અમરેલી,તા.૨૪

ગુજરાત રાજય તથા અમરેલી જિલ્લામાં આગામી તા. ૨૫થી ૨૭ ડિસે. કુલ ત્રણ દિવસ દરમ્યાન ભારે માવઠાની હવામાન ખાતાએ આગાહી કરેલ છે. જેને ધ્યાનમાં લઈ ખેડૂતોના હિતમાં ગુજકોમાસોલના અધ્યક્ષ અને પૂર્વ મંત્રી દિલીપભાઈ સંઘાણીએ ભારે માવઠાની આગાહીનાં સંદર્ભમાં રાજયના મુખ્યમંત્રી, કૃષિ મંત્રી તેમજ કૃષિ સચિવને પત્ર દ્વારા રજૂઆત કરી છે. જેથી માવઠાના સમય દરમ્યાન સરકાર દ્વારા ખરીદવામાં આવેલો કે ખેડૂતો પાસે રહેલો અથવા રસ્તામાં લાવવા-લઈ જવા દરમ્યાન વરસાદથી પાક બગડે નહિ તે માટે માવઠાથી સંભવિત નુકસાનમાં ખેડૂતોને સહાય મળે તેમજ યોગ્ય કાર્યવાહી કરવા પત્ર દ્વારા રજૂઆત કરી છે.

# સુશાસન દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા 'સ્વાગત ૨.૦'નું લોન્ચિંગ

ગાંધીનગર, તા.૨૪

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૨૫મી ડિસેમ્બર ૨૦૨૪ના સુશાસન દિવસથી મુખ્યમંત્રીનો ઓનલાઈન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ 'સ્વાગત' ટેકનોલોજીના ત્વરિત ઉપયોગથી વધુ સુદૃઢ અને અસરકારક બનાવવાની જાહેરાત કરી છે. મુખ્યમંત્રી 'સ્વાગત ૨.૦' ઓટો એસ્કેલેશન મેટ્રિક્સ અને સ્વાગત મોબાઈલ એપનું ઈ-લોન્ચિંગ કરશે. છેલ્લા બે



દાયકામાં 'સ્વાગત' દ્વારા ૯૮ ટકાથી વધુ રજૂઆતોનું ત્વરિત નિવારણ થયું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાનની પ્રેરણા અને માર્ગદર્શનથી શરૂ થયેલા 'સ્વાગત'ની વિશ્વસનીયતાને વધુ અદ્યતન ટેકનોલોજીયુક્ત ''સ્વાગત ૨.૦''થી વધુ મજબૂત બનાવી છે. સ્વાગત એક એવું પ્લેટફોર્મ છે જેમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં સંબંધિત વિભાગના અધિકારીઓ રજૂઆતકર્તાની સમસ્યાનું નિરાકરણ કરે છે. એપ્રિલ ૨૦૨૩ થી નવેમ્બર ૨૦૨૪ સુધીમાં સ્વાગત પોર્ટલમાં મળેલી ફરિયાદો પૈકી ૯૮.૩% અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે.

**સ્વાગત ૨.૦ની વિશેષતાઓ :**

ઓટો એસ્કેલેશન મેટ્રિક્સઃ આ પદ્ધતિમાં અરજદારોની ફરિયાદોની ગંભીરતાના આધારે ગ્રીન, યલો અને રેડ ચેનલમાં વર્ગીકરણ કરવામાં આવે છે અને દરેક લેવલ માટે સમયમર્યાદા નક્કી કરવામાં આવે છે. નિયત સમયમાં કાર્યવાહી ન થાય તો ફરિયાદ આપોઆપ ઉપલા અધિકારીને મોકલી દેવામાં આવે છે. આનાથી ફરિયાદોનું ઝડપી નિવારણ સુનિશ્ચિત થાય છે. સ્વાગત મોબાઇલ એપઃ નાગરિકો હવે પોતાના મોબાઇલથી રજીસ્ટ્રેશન કરીને ઓનલાઇન ફરિયાદ કરી શકશે અને અરજીનું સ્ટેટસ પણ જાણી શકશે. આ ઉપરાંત અરજી પર થયેલી કાર્યવાહીનો ફીડબેક પણ આપી શકાશે. આ નવી સુવિધાઓ સુશાસન દિવસ ૨૦૨૩થી પાયલોટ પ્રોજેક્ટ તરીકે મહેસુલ અને પંચાયત વિભાગ તથા પાટણ અને ખેડા જિલ્લામાં કાર્યરત કરવામાં આવી હતી, જેની સફળતા બાદ હવે સમગ્ર રાજ્યમાં લાગુ કરવામાં આવશે.

# જમ્મુ-કાશ્મીરમાં સૈનિકોની વાન ખીણમાં પડતા પાંચ જવાન શહીદ

**ઘાયલ જવાનોને નજીકની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા**

શ્રીનગર,તા.૨૪

જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લામાં મંગળવારે સાંજે આર્મી વાન ૩૫૦ ફૂટ ઊંડી ખીણમાં પડી હતી. વાનમાં ૧૮ સૈનિકો હતા. જેમાંથી ૫ના મોત થયા છે. તે જ સમયે, ૧૦ ઘાયલ થયા છે. ૪ની હાલત ગંભીર છે. લાપતા ૩ જવાનોની શોધ ચાલુ છે. સાંજે તમામ સૈનિકો લાઈન ઓફ કંટ્રોલ (LOC) તરફ જઈ રહ્યા હતા. દરમિયાન બાલનોઈ વિસ્તારમાં ઘોડા પોસ્ટ પાસે ડ્રાઈવરે કાબૂ ગુમાવતા વાન ખીણમાં પડી ગઈ હતી. તમામ સૈનિકો ૧૧ મરાઠા રેજિમેન્ટના હોવાનું કહેવાય છે. દુર્ઘટનાની માહિતી મળતાની સાથે જ સેનાની ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવ કાર્ય શરૂ કર્યું હતું. ઘાયલ જવાનોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

# M-PACS, DAIRY અને FISHERY કો-ઓપરેટિવ સોસાયટીનું ઉદ્‌ઘાટન થશે

**આજે અમર ડેરી ખાતે બપોરે ૧૨:૩૦ કલાકે કાર્યક્રમનું ઓનલાઈન પ્રસારણ થશે**

અમરેલી, તા.૨૪



અમરેલીમાં તા. ૨૪ ડિસેમ્બર, ૨૦૨૪ને મંગળવારના રોજ ભારત સરકારના ''સહકાર થી સમૃધ્ધિ''ના ઉદેશ્યને સાકાર કરવા સમગ્ર દેશમાં નવરચિત ૧૦ હજાર M-PACS, DAIRY અનો FISHERY કો-ઓપરેટીવ સોસાયટીનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમનું ઓનલાઈન પ્રસારણ અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી, નવા ડેરી પ્લાન્ટ, હની ટ્રેનીંગ સેન્ટર, ધારી રોડ, વાંકિયા, અમરેલી જિલ્લા ખાતે તા.૨૫ ડિસેમ્બરને બુધવારના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે થશે. આ તકે કાર્યક્રમમાં સહકાર ક્ષેત્રના અગ્રણીઓ, પદાઅધિકારીઓ, મહાનુભાવો, આગેવાનો ઉપસ્થિત રહેશે. આથી આ કાર્યક્રમમાં સહકારી ક્ષેત્રની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તમામ પ્રતિનિધિઓને હાજરી આપવા અમરેલી જિલ્લા સહકારી મંડળી જિલ્લા રજીસ્ટ્રારે જણાવ્યુ છે.

# ગાંધીનગર ખાતે કૌશિક વેકરીયાના કાર્યાલયની મુલાકાત લેતા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા



અમરેલી,તા.૨૪

કેન્દ્રીય શ્રમ રોજગાર મંત્રી મનસુખભાઈ માંડવીયાએ ગાંધીનગર સ્થિત નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના કાર્યાલયની મુલાકાત લીધી હતી. આ દરમિયાન મનસુખભાઈ માંડવીયા વિવિધ વિષયો પર ચર્ચા કરી હતી. આ તકે, સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્ય જે.વી.કાકડિયા, રમેશભાઈ ટીલાળા, જનકભાઈ તળાવીયા ઉપસ્થિત રહ્યા હતા.

# પંચદશાબ્દિ મહોત્સવના ત્રીજા દિવસે મહાપૂજાનું ભવ્ય આયોજન

**ગૌ પૂજન અર્ચન કાર્યક્રમ અને ગૌભક્તિના દર્શન કરવામાં આવ્યા**

અમરેલી,તા.૨૪

અમરેલીના આંગણે સ્વામિનારાયણ મંદિર (પાણી દરવાજા) અમરેલી ધામ દ્વારા પંચ દશાબ્દિ મહોત્સવનું કથા પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથાનો બહોળી સંખ્યામાં હરિભક્તો લાભ લઈ રહ્યાં છે. પંચદશાબ્દિ મહોત્સવ દિવસે-દિવસે ભવ્ય અને દિવ્ય બનતો જાય છે. ત્યારે આ મંગલ કાર્ય વિશ્વકલ્યાણના હેતુલક્ષી મહોત્સવના ત્રીજા દિવસે મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં ભાવિક ભક્તો દ્વારા આ કાર્ય ધામધૂમથી અને ઉલ્લાસપૂર્વક કરવામાં આવ્યુ હતું. આ અવસરે પધારેલા સંતો અને







મહંતોએ આશિવર્ચન પાઠવ્યા હતા. તેમજ ગૌ પૂજન અર્ચન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યુ હતું તેમજ ગૌભક્તિના દર્શન કરવામાં આવ્યા હતા. કથા પારાયણમાં સંતોએ પ્રવચન કર્યા હતા. રાત્રી કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યાં હતા અને કાર્યક્રમનો લાભ લીધો હતો. આ મંગલ અવસરે સામાજીક, રાજકીય કાર્યકરો અને અમરેલીના વેપારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.


વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com


**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૪૮/૨૦૨૪ તા.૧૨/૧૨/૨૦૨૪

અરજદારશ્રીઃ- .. ૧. મોહનભાઈ અરજણભાઈ ઘોઘારી
રહે. મુ.લીખાળા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી લીખાળા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **ધોળીબેન મોહનભાઇ ઘોઘારીનો જન્મ તા.૦૧/૦૧/૧૯૮૭** ના રોજ મુ. લીખાળા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૦૭/૦૧/૨૦૨૪ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર)એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૧૨/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


નિકુંજભાઇ (મો)૭૩૫૯૦ ૪૩૨૪૧
MARUTI SUZUKI | TATA | Mahindra | HYUNDAI | TOYOTA
મહાદેવ મોટર્સ
દરેક પ્રકારની ડીઝલ - પેટ્રોલ કારનું મીકેનીકલ કામ તથા એલ.પી.જી. અને સી.એન.જી. રીપેરીંગ તેમજ એ.સી તથા બ્રેક ડાઉન વિશ્વાસપાત્ર રીપેર કરી આપીશું તેમજ વોશિગ કરી આપીશું
લીલીયા રોડ, બાયપાસ ચોકડી, દાદાભગવાન મંદિરની આગળ, ખારા વાડી, અમરેલી


**-:પબ્લિક નોટીસ:-**

આથી આ જાહેર નોટીસ આપી જાણ કરવાની કે અમરેલી જીલ્લાના સાવરકુંડલા તાલુકાના ગામ મોજે જુનાસાવર ગામની સીમના ખાતાનં. ૧૦૦૯ ની રે.સ.. ૨૪૬/૨પૈ.૧ ની જમીન હે.આરે. ૪-૨૦-૮૮ ચો.મી. તથા રે.સ.. ૨૪૬/૨પૈ.૨ ની હે.આરે. ૨-૪૨-૮૧ ચો.મી. તથા રે.સ.નં. ૨૪૫પૈકી૭ ની જમીન હે.આરે. ૧-૭૮-૦૬ ચો.મી. તથા રે.સ.નં. ૨૪૫ પૈ.૮ ની જમીન હે.આરે. ૦-૮૦-૯૪ ચો.મી. તથા રે.સ.નં. ૨૪૫પૈ.૯ ની જમીન હે.આરે. ૨-૭૫-૧૮ ચો.મી. તથા રે.સ.નં. ૨૪૫પૈ.૧૧ ની જમીન હે.આરે. ૨-૨૩-૭૫ ચો.મી. મળી કુલ હે.આરે. ૧૫-૨૧-૬૨ ચો.મી. વાળી ખેતીની જમીન કે જે સુદાણી ભુપતભાઇ ગોકળભાઇ ઉર્ફે ગોકુળભાઇ સુદાણી તથા સુદાણી જગદિશભાઇ ભુપતભાઇ ના નામે ચાલે છે. જે ખેતીની જમીન સુદાણી ભુપતભાઇ ગોકળભાઇ ઉર્ફે ગોકુળભાઇ સુદાણી તથા સુદાણી જગદિશભાઇ ભુપતભાઇ પાસેથી અમારા અસીલ ખરીદ કરવા માગે છે.

સબબ સદરહું ખેતીની જમીન સામે કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય કે આ ખેતીની જમીનમા કોઈનો કોઈપણ સ્વરૂપે હકક હિસ્સો ગીરો બોજો અગ્રહકક કબજો વિગેરે હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિવસ-૭(સાત) મા સંપૂર્ણ આધાર પુરાવાઓ સાથે મારા નિચે દર્શાવેલા સરનામે અમોને લેખિત જાણ કરશો. જેમાં કસુર થયે કોઈનો કોઈપણ સ્વરૂપે હકક હિત હિસ્સો બોજો અગ્રહકક કે કોઈપણ પ્રકારે વાધો તકરાર નથી. અને જો હોય તો તે જતો (વેવ) કરેલ હોવાનું ગણી અમારા અસીલ અવેજની રકમ ચુકવીને વેચાણ દસ્તાવેજ રજીસ્ટર કરાવી લેશે. ત્યારબાદ મારા અસીલ ને શધ્ધબુધ્ધિના ખરીદનાર તરીકે કોઇ વાંધો તકરાર બંધનકર્તા રહેશે નહી. જેની આથી લાગતા વળગતા સર્વે એ નોંધ લેવી.

**ઓફીસ :- ૯ સિધ્ધિવિનાયક ચેમ્બર,**
**મામલતદાર ઓફીસ સામે, મહુવારોડ, સાવરકુંડલા**
**મો.નં.૯૮૭૯૮૪૩૬૩૬/૭૬૦૦૯૪૧૮૫૪**

**જતીન એલ.મહેતા**
**એડવોકેટ**

**-//મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કોર્ટમાં//-**

**જાહેર નોટીસ**

નં.જન્મ નોંધણી/અરજી નં.૨૧૦/૨૦૨૪

અરજદારશ્રીઃ- .......૧. નાથાભાઈ સવજીભાઈ રંગાણી
રે. ફાચરીયા લા તા.સાવરકુંડલા જિ.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળાઃ-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી ફાચરીયા તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીના પુત્રી શિતલબેન નાથાભાઈ રંગાણીનો જન્મ તા.૨૧/૦૯/૧૯૯૦ ના રોજ મું. ફાચરીયા,, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે.તો સદર અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોઈ તો અત્રેની કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની કચેરી સાવરકુંડલા ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દર્શાવેલ સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તા. ૨૨/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યો.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

**-:જાહેર નોટીસ:-**

આથી અમો નીચે સહી કરનાર લાધાભાઈ જાદવભાઈ હિરપરા સરનામુ, ૧ , ૧ જુવાનપર, નિકાવા,જામનગર,ગુજરાત,મો.૬૩૫૪૧ ૮૩૪૭૬, એ લાગતા વળગતા સર્વેને આ જાહેરનોટીસ થી જાણ/ તાકીદ કરવામા આવે છે. અમારા ફરમાઇશજેની આ જાહેર નોટીસ આપી જણાવુ છુ.

અમરેલી ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકો :-લીલીયા,મોજેઃ-લીલીયા મોટા ના ખેડખાતાનં.૯૨૬ ના રેવન્યુ સર્વે નં.૨૨૨ પૈકી ૮ નુ ક્ષેત્રફળઃ-૪-૯૪-૭૩ ચો.મી થી નોંધાયેલ જે જુની શરત ની છે.જે ખેતીની પીયત જમીન સદરહુ જમીન ના માલીક,કબજેદારઅને ધારણ કર્તા (૧) શાંતિલાલ જીવરાજભાઈ સાવલીયા (૨) દલસુખભાઈ જીવરાજભાઈ સાવલીયા(૩)દિનેશભાઈ જીવરાજભાઈ સાવલીયા(૪)હર્ષદભાઈ જીવરાજભાઈ સાવલીયા(૫)પુષ્પાબેન જીવરાજભાઈસાવલીયા (૬)રેખાબેન જીવરાજભાઈ સાવલીયા,ના નામે ચાલી આવેલ છે મજકુર મિલકતના ટાઈટલ સંપુર્ણ ચોખ્ખા,કલીયર,માર્કેટેબલ હોવાનુ જણાવીને તેમજ મજકુર મિલકતમા તેઓ સીવાય અન્ય કોઈનો કોઈ પણ પ્રકારનો હકક , હીત,હીસ્સો,લાગભાગ ચાલી આવેલ નથી તેવુ જણાવીને મજકુર મિલકત અમારા અસીલને વેચાણ આપવા માટે નકકી કરેલ છે.જેથી સદર હુ મિલકતમા જો કોઈ નો વાંધો વિરોધ કે હકક,હીત,સંબંધ,લાગભાગ, દરદાવો કે ઈઝમેન્ટ તથા અન્ય કોઈ પણ રીતે હકક હીસ્સો હોય અથવા તો કોઈ બેંકકે સંસ્થાનુ લેણુ હોય અગર તો તબદીલી અંગેના કોઈ પણ લખાણોહોય તો તે ઓએ નીચેના સરનામે દિન-૭ મા પુરાવા સહીત લેખીત જાણ કરવી.જો તેમ કરવામા કસુર થશે તો આ નોટીસ ની મુદત વિત્યે સદર મિલકતમા કોઈ વ્યકિત કે સંસ્થાના કોઈ પણ પ્રકારનો હકક,હીત,હીસ્સો ક લેણુ નથી અને હોય તો જતો કરેલ છે તેમ માની અમારા અસીલ મજકુર મિલ્કત વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને ત્યાર પછી કોઈ પણ વ્યકિત કે સંસ્થાની કોઈપણ જાતની તકરાર વાંધો વિરોધ ચાલશે નહી અને તેવા ઈસમોને કોઈ પણ જાતના હકકો પ્રાપ્ત થશે નહી,જેની જનતાને નોંધ લેવી.

**સહી**........................................
**લી.આપનો વિશ્વાસુ**

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

વિકસિત ભારત
વિકસિત ગુજરાત



ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન

# શ્રી અટલ બિહારી વાજપેયીને

જન્મજયંતી પર કોટિ કોટિ વંદન...



## ૨૫મી ડિસેમ્બર

# સુશાસન દિવસ

ગુડ ગવર્નન્સ ડે

## સુશાસનને મળશે નવો આયામ

- 'મારી યોજના' પોર્ટલનું લોકાર્પણ
- 'સ્વાગત ૨.0' અને 'કનેક્ટ ગુજરાત'નું લોકાર્પણ
- વિજ્ઞાન અને તકનિકી વિભાગના પ્રકલ્પોનું લોકાર્પણ
- શ્રમ અને રોજગાર વિભાગના નવા સેવા કાર્યોનું લોકાર્પણ
- i-GoT પોર્ટલ પર સરકારી અધિકારીઓ-કર્મચારીઓના ક્ષમતા નિર્માણ માટેના ગુજરાત પેજનું અનાવરણ

સમય - સવારે ૧૧:૦૦ વાગે | સ્થળ - નર્મદા હૉલ, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર

**ઉજવણી સુશાસનની, અટલ જનવિશ્વાસની**